


PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 220
Dt.: 15-06-2026,
Monday
Page:04
Rs.00.50 paisa







### સોલાપુરમાં ભયાનક અકસ્માત

# શ્રદ્ધાળુઓને લઈ જતી પિકઅપ કૂવામાં ખાબકી, ૧૪ના મોત

## તાંડુવાડી ગામ નજીક શ્રદ્ધાળુઓથી ભરેલી એક પિકઅપ ગાડી અચાનક રસ્તા કિનારે આવેલા કૂવામાં ખાબકી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)સોલાપુર

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના માલશિરસ વિસ્તારમાં એક મોટી અને દુર્ઘટના સર્જાઈ છે. મ્હાસવાડ-પંઢરપુર માર્ગ પર તાંડુવાડી ગામ નજીક શ્રદ્ધાળુઓથી ભરેલી એક પિકઅપ ગાડી અચાનક રસ્તા કિનારે આવેલા કૂવામાં ખાબકી હતી. આ ભયાનક અકસ્માતમાં ૧૪ લોકોના ઘટનાસ્થળે જ ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે. તમામ મૃતકો પંઢરપુર વિસ્તારના રંજની ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મળતી માહિતી મુજબ, રંજની ગામના આ શ્રદ્ધાળુઓ મ્હાસવાડ ખાતે સિદ્ધનાથના દર્શન કરવા માટે ગયા હતા. દર્શન કરીને જ્યારે તેઓ પિકઅપ ગાડીમાં પોતાના ગામ પરત ફરી રહ્યા હતા, ત્યારે માલશિરસ તાલુકાના તાંડુવાડી ગામ પાસે આ અકસ્માત નડ્યો હતો. અકસ્માતની જાણ થતાં જ ઘટનાસ્થળે સ્થાનિક લોકોના મોટા ટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં આ દુર્ઘટના ઘટી હતી. રસ્તાની બિલકુલ કિનારે આવેલો આ કૂવો પાણીથી કાંઠોકાંઠ ભરેલો હતો અને તેની આસપાસ કોઈ સુરક્ષા રેલિંગ પણ નહોતી. જેના કારણે કાબૂ બહાર ગયેલી પિકઅપ ગાડી સીધી કૂવાના પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને યુદ્ધના ધોરણે રાહત કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. આ અકસ્માતમાં ૨ લોકોનો ચમત્કારિક બચાવ થયો છે. અત્યાર સુધીમાં કૂવામાંથી ૮ લોકોના મૃતદેહ બહાર કાઢી લેવામાં આવ્યા છે, જેમાં ૪ મહિલાઓ અને ૪ બાળકોનો સમાવેશ થાય છે. માલશિરસના સ્થાનિક ધારાસભ્ય ઉત્તમ જાનકર પણ પરિસ્થિતિની સમીક્ષા કરવા ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે. અહેવાલો અનુસાર, પિકઅપ વાહનમાં ક્ષમતા કરતાં વધુ એટલે કે ઓવરલોડિંગ કરીને મુસાફરો બેસાડવામાં આવ્યા હતા, જેના લીધે શરૂઆતમાં બચાવ કામગીરીમાં પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. પોલીસ પ્રશાસન દ્વારા હાલમાં અકસ્માતનો ગુનો નોંધીને તપાસની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. હોસ્પિટલમાં ઘાયલોની સારવાર અને મૃતકોની ઓળખ કરવાની કામગીરી પણ સમાંતર ચાલી રહી છે.



### મોંઘા પેટ્રોલની ચિંતા નહીં!

# ભારતમાં ૧૦૦ ટકા ઈથેનોલ ઈંધણને મળી કાનૂની મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના ઓટોમોબાઈલ અને ઈંધણ ક્ષેત્રને પ્રદૂષણ મુક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ એક ઐતિહાસિક જાહેરાત કરી છે. તેમણે દેશમાં ગાડીઓ માટે ૧૦૦% ઈથેનોલ ઈંધણ **(E100 Fuel)** ના વ્યાપારી ઉપયોગને કાનૂની મંજૂરી આપતા નિયમો પર હસ્તાક્ષર કરી દીધા છે.

ભારત સરકાર દેશની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા અને વિદેશોમાંથી આયાત થતા ક્રૂડ ઓઈલના અબજો ડોલરના બિલને ઘટાડવા માટે સતત ગ્રીન ફ્યુઅલ પર ભાર આપી રહી છે. આ દિશામાં મોટું કદમ ઉઠાવતા કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ દેશમાં ગાડીઓ માટે ૧૦૦% ઈથેનોલ એટલે કે **E100** ઈંધણના ઉપયોગને સત્તાવાર કાનૂની માન્યતા આપી દીધી છે. દિલ્હીમાં તાજેતરમાં જ લોન્ચ થયેલા **E85** ફ્યુઅલ બાદ સરકારની આ જાહેરાત દર્શાવે છે કે દેશ હવે પ્રદૂષણ મુક્ત બાયો-ઈંધણ તરફ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યો છે. નાગપુરમાં આયોજિત સુગર, ઈથેનોલ અને બાયો-એનર્જી ઈન્ડિયા કોન્ફરન્સ માં સંબોધન કરતી વખતે નિતિન ગડકરીએ સ્પષ્ટ કર્યું કે તેમણે ૧૦૦% ઈથેનોલના કાનૂની ઉપયોગ સાથે જોડાયેલી સત્તાવાર ફાઈલને મંજૂરી આપી દીધી છે. અત્યાર સુધી ભારત સરકારનું સમગ્ર ધ્યાન પેટ્રોલની અંદર ૨૦% ઈથેનોલ બ્લેન્ડિંગ એટલે કે **E20** પ્રોગ્રામને સફળ બનાવવા પર હતું, પરંતુ હવે **E100** ની કાનૂની એન્ટ્રીથી ભારતીય વાહન બજાર સંપૂર્ણપણે બદલાઈ જશે.

સરકારના આ ક્રાંતિકારી નિર્ણયને પગલે દેશની નામાંકિત ઓટોમોબાઈલ કંપનીઓ પોતાના ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો લોન્ચ કરવા માટે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે

ટેકનોલોજી પહેલેથી તૈયાર: દેશની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારુતિ સુઝુકી પોતાની ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઈપ ઉત્કૃષ્ટહઈ કાર અને ટૂ-વ્હીલર ક્ષેત્રે હીરો મોટોકોર્પ પોતાની ઈથેનોલથી ચાલતી સ્પેશિયલ મોટરસાઈકલ બજાર સામે પહેલેથી જ પ્રદર્શિત કરી ચૂકી છે.

નવા વાહનોનું આગમન: કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીના જણાવ્યા અનુસાર, આગામી ૧.૫ મહિનાની અંદર જ ટોયોટા, સુઝુકી, હ્યુન્ડાઈ અને એમજી **(MG)** જેવી વૈશ્વિક ઓટોમોબાઈલ કંપનીઓ ભારતીય માર્કેટમાં સંપૂર્ણપણે ઈ૧૦૦ ઈંધણ સપોર્ટ કરતી કારો ગ્રાહકો માટે લોન્ચ કરી શકે છે.

એન્જિનમાં શું બદલાવ થાય છે?: પરંપરાગત પેટ્રોલ એન્જિનની સરખામણીએ ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિનમાં ખાસ પ્રકારનું ટેકનિકલ કેલિબ્રેશન કરવામાં આવે છે. આ સાથે જ તેની અંદર ઈંધણ સપ્લાય કરતી પાઈપલાઈન્સ અને અન્ય પાર્ટ્સ અલગ મજબૂત મેટિરિયલથી તૈયાર કરાય છે, જેથી તે ઈથેનોલની રાસાયણિક પ્રકૃતિને સરળતાથી સહન કરી શકે. ભલે આ નિયમ સરકારી સ્તરે પાસ થઈ ગયો છે, પરંતુ સામાન્ય ગ્રાહકો સુધી અને દરેક પેટ્રોલ પંપ સુધી આ સુવિધા પહોંચવામાં હજુ થોડો સમય લાગશે.

# ખાન સરના કોચિંગ પર ફાયરિંગ કેસના આરોપીનું થયેલું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારની ચર્ચિત જ્ઞાન બિંદુ કોચિંગના ડાયરેક્ટર રૌશન આનંદના ભાઈ પ્રિન્સના નેપાળમાં શંકાસ્પદ મોત સમાચાર સામે આવી રહ્યા છે. રૌશન આનંદનો ભાઈ પ્રિન્સ ખાન સરની કોચિંગ પર ફાયરિંગના મામલામાં ફરાર ચાલી રહ્યો હતો. તે નેપાળના વિરાટ નગરની એક હોટલમાં છુપાયો હતો જ્યાં તેનું શંકાસ્પદ મોત થયું છે.

તમને જણાવી દઈએ કે રૌશન આનંદ પટનાની બેઉર જેલમાં બંધ છે. ફૈઝલ ખાન ઉર્ફે ખાન સરની કોચિંગ ખાન ગ્લોબલનું મેનેજમેન્ટ જોતા કન્હૈયાએ રૌશન આનંદ અને પ્રિન્સ પર કોચિંગ પર હુમલો કરવાનો આરોપ લગાવતા ફ્રૈંઈ નોંધાવી હતી. આ મામલામાં પ્રિન્સ નામજોગ આરોપી હતો. પોલીસ પ્રિન્સની શોધખોળ કરી રહી હતી જે ઘટના બાદથી જ ફરાર હતો. એવામાં હવે તેના મોતના સમાચારથી હોબાળો મચી ગયો છે. જોકે મોતની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ખાન ગ્લોબલ સ્ટડીઝમાં થયેલી તોડફોડની ઘટનાના સંબંધમાં હવે ફૈઝલ ખાન ઉર્ફે 'ખાન સર' પર પણ પ્રાથમિકી **(FIR)** નોંધવામાં આવી હતી. જે બાદ તેમણે કોર્ટ સમક્ષ સરેન્ડર કર્યું હતું. જોકે કોર્ટે તેમને વચગાળાની રાહત આપતા મુક્ત કર્યા હતા. ખાન ગ્લોબલ સ્ટડીઝ કોચિંગ સંસ્થામાં કથિત રીતે તોડફોડ કરવામાં આવી હતી અને પરિસર પર પથરાવ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયા પછી પોલીસે કથિત રીતે ગોળી ચલાવવાના આરોપમાં ખાન ગ્લોબલ સ્ટડીઝ કોચિંગ સંસ્થાના બે સુરક્ષા ગાર્ડની ધરપકડ કરી હતી. માહિતી મુજબ, તેમના નિવેદનના આધારે ફૈઝલ ખાનને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા.






### ભારતીય સેનામાં ઐતિહાસિક ફેરફાર

# બ્રિટિશ કાળની પરંપરા ખતમ, સેનાનો નવો ડ્રેસ કોડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય સેનાએ બ્રિટિશ શાસન સમયની (ઔપનિવેશિક) પરંપરાઓને સદંતર નાબૂદ કરવા માટે પોતાના યુનિફોર્મ અને ગ્રૂમિંગ સંબંધિત નિયમોમાં મોટા ફેરફાર કર્યા છે. સેના દ્વારા તાજેતરમાં જ ૧૭૪ પાનાની નવી ગાઈડલાઈન મેન્યુઅલ 'આર્મી યુનિફોર્મ્સ-૨૦૨૬' બહાર પાડવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રકારની મેન્યુઅલ છેલ્લે આઠ વર્ષ પહેલાં બહાર પાડવામાં આવી હતી. નવો આદેશ દેશની બદલાતી સાર્વભૌમ ઓળખ અને ભારતીયતાને ઉજાગર કરે છે.

'બંદી જેકેટ'ને મંજૂરી: ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાન બંધ-ગળા વાળા 'બંદી જેકેટ'ને હવે ઔપચારિક કાર્યક્રમોમાં ફોર્મલ ડ્રેસ તરીકે પહેરવાની મંજૂરી આપવામાં આવી છે. આ જેકેટ સોલિડ અને સોબર રંગનું હોવું જોઈએ.

શિયાળા માટે નવો ગણવેશ: તમામ રેન્કના સૈનિકો માટે ઉબી નામનો નવો વિન્ટર ડ્રેસ રજૂ કરાયો છે, જેમાં અંગોલા શર્ટ સાથે બેટલ જેકેટ અને બેરેટ (ટોપી) સામેલ છે.

સેરેમોનિયલ બેલ્ટ હટાવાયો: ઓફિશિયલ 'મેસ ડ્રેસ નંબર ૫' અને 'નંબર ૬' માંથી સેરેમોનિયલ પાઉચ બેલ્ટને હટાવી દેવામાં આવ્યો છે. (જોકે કર્નલ રેન્ક સુધીના અમુક ખાસ રેજિમેન્ટલ ઑફિસર્સ માટે તે માન્ય રહેશે).

તલવાર રાખવી વૈકલ્પિક: પરેડ દરમિયાન રિવ્યુઈંગ ઑફિસર્સ (સમીક્ષા કરનારા અધિકારીઓ) માટે હવે તલવાર સાથે રાખવી વૈકલ્પિક (ઓપ્શનલ) કરી દેવાઈ છે. મહિલા અધિકારીઓ સત્તાવાર કાર્યક્રમોમાં સાદા રંગની સાડી અથવા દુપટ્ટા સાથે કુર્તા-સલવાર અને એન્કલ-લેન્થ (ટખના સુધીની) સીધી પેન્ટ પહેરી શકશે. જોકે, સ્લીવલેસ (બાયં વિનાના) કુર્તા, પ્લાઝો કે સિગારેટ પેન્ટ જેવા કેઝ્યુઅલ કપડાં પહેરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

નવા મેન્યુઅલમાં સૈનિકોના લુક અને ગ્રૂમિંગને લઈને અત્યંત કડક સૂચનાઓ આપવામાં આવી છે:

ટેટૂ અને પિયર્સિંગ: શરીર પર કોઈ પણ જગ્યાએ ટેટૂ ચિતરાવવા પર કે પિયર્સિંગ (કાણા પડાવવા) પર સખત મનાઈ છે.

ધાર્મિક ચિહ્નો અને દોરા: યુનિફોર્મ સાથે કોઈ પણ પ્રકારના ધાર્મિક ચિહ્નો કે બ્રેસલેટ પહેરી શકાશે નહીં. માત્ર પૂજાનો પવિત્ર દોરો (નાડાછડી) કાંડા પર બાંધી શકાશે. શીખ સૈનિકોને તેમના ધાર્મિક નિયમો મુજબ છૂટછાટ યથાવત્ રહેશે.

મૂછો અને હેરકટ: સૈનિકોની મૂછો ૧૨ સેન્ટીમીટર કરતાં વધુ લાંબી હોવી જોઈએ નહીં. પરફ્યુમ અને કોસ્મેટિક્સ: ડ્યુટી પર અથવા યુનિફોર્મમાં સૈનિકો ડિઓડરન્ટ કે પરફ્યુમનો ઉપયોગ નહીં કરી શકે (આફ્ટર-શેવ લોશન માન્ય છે). મહિલા કર્મચારીઓ માટે લિપસ્ટિક, કલરફૂલ નેલપોલિશ, બિંદી કે નોઝ પિન લગાવવા પર પ્રતિબંધ છે. તેઓ સિંદૂર લગાવી શકે છે, પણ તે ટોપી પહેર્યા પછી દેખાવું જોઈએ નહીં. નવા નિયમોમાંથી 'રોયલ' જેવા બ્રિટિશ કાળના જૂના શબ્દોને પણ હંમેશા માટે હટાવી દેવામાં આવ્યા છે. લેફ્ટનન્ટ જનરલ વી.પી.એસ. કૌશિકે જણાવ્યું કે, આ ફેરફાર સેનાને ભારતીય વિચારધારાને અનુરૂપ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. ઉલ્લેખનીય છે કે, પાંચ વર્ષ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના કેવડિયા ખાતે યોજાયેલી 'કમ્બાઈન્ડ કમાન્ડર્સ કોન્ફરન્સ'માં સશસ્ત્ર દળોને ઔપનિવેશિક પ્રથાઓ ખતમ કરી ભારતીય રીત-રિવાજો અપનાવવાનો નિર્દેશ આપ્યો હતો, જેના ભાગરૂપે આ ફેરફારો અમલી કરાયા છે.

# તંત્રી લેખ......

## વસ્તી વિષયક પરિવર્તન

વસ્તી વિષયક પરિવર્તનની તપાસ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિ સાથે ગૃહમંત્રી અમિત શાહની બેઠક અને તેને જરૂરી સૂચનાઓ આપવી એ દર્શાવે છે કે આ મુદ્દો કેન્દ્ર સરકારની પ્રાથમિકતા યાદીમાં છે.

આ સાચું હોવું જોઈએ, કારણ કે છેલ્લા કેટલાક દાયકાઓમાં ઘૂસણખોરીએ દેશના ઘણા સરહદી વિસ્તારોના સામાજિક માળખાને જે રીતે બદલી નાખ્યું છે તે કોઈ રહસ્ય નથી. પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તર રાજ્યોમાં સૌથી મહત્વપૂર્ણ વસ્તી વિષયક ફેરફારો થયા છે, પરંતુ તે અન્ય રાજ્યોમાં પણ જોવા મળે છે.

છેવટે, એ હકીકત છે કે ઝારખંડ અને બિહાર બાંગ્લાદેશથી ઘૂસણખોરીથી પ્રભાવિત રાજ્યોમાંના એક છે. તેવી જ રીતે, એ કોઈ રહસ્ય નથી કે રોહિંગ્યા ઘૂસણખોરો હૈદરાબાદથી જમ્મુ સુધીના વિસ્તારોમાં કેવી રીતે સ્થાયી થયા છે. બંગાળ અથવા ઉત્તરપૂર્વીય રાજ્યોમાંથી રોહિંગ્યાઓની ઘૂસણખોરી અને જમ્મુ અને હૈદરાબાદ જેવા શહેરોમાં તેમનો આધાર સ્થાપિત કરવો એ એક સુનિયોજિત ષડયંત્રનો ભાગ લાગે છે.

એ હકીકત છે કે બાંગ્લાદેશથી બંગાળ, મેઘાલય, ત્રિપુરા, આસામ, વગેરેમાં ઘૂસણખોરી કરવામાં સામેલ તત્વો સંગઠિત રીતે કાર્યરત છે. આ જ કારણ છે કે ઘૂસણખોરો તેમના દ્વારા આધાર કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ અને પાસપોર્ટ પણ મેળવે છે. બંગાળ અને મેઘાલય થઈને બાંગ્લાદેશથી આવતા ઘૂસણખોરો દેશના દરેક ભાગમાં ફેલાઈ ગયા છે.

આસામમાં, તેઓ એક મોટી સમસ્યા બની ગયા છે. બાંગ્લાદેશી ઘૂસણખોરીને કારણે આસામમાં વસ્તી વિષયક ફેરફારો અને સ્થાનિક સંસ્કૃતિ સામેના ખતરાને કારણે દ્રઈઝ જરૂરી બન્યું. રાષ્ટ્રવ્યાપી એનઆરસી હાથ ધરવું યોગ્ય રહેશે. ભારતમાં રહેતા કેટલા લોકો કાયદેસર છે અને કેટલા ગેરકાયદેસર છે તે નક્કી કરવું જોઈએ.

કેટલાક રાજ્યોમાં ઘુસણખોરોની ક્યારેક-ક્યારેક ધરપકડથી આપણે સંતુષ્ટ થઈ શકતા નથી, કારણ કે જ્યાં સુધી આ કવાયત દેશભરમાં હાથ ધરવામાં નહીં આવે, ત્યાં સુધી તે બધાને ઓળખવાનું મુશ્કેલ બનશે. ઘુસણખોરી ફક્ત બાંગ્લાદેશથી જ થતી નથી; તે મ્યાનમારથી પણ થાય છે, અને ઘુસણખોરી મણિપુરની સમસ્યાઓનું એક કારણ છે.

સરહદી વિસ્તારોમાં વસ્તી વિષયક પરિવર્તનના અકુદરતી કારણો અને અસરનો અભ્યાસ કરતી સમિતિ તેના દ્વારા ઉભા થયેલા પડકારોનો સામનો કેવી રીતે કરવો તે પણ સૂચવશે. કારણ કે આ સમિતિ સરહદી વિસ્તારોની મુલાકાત લેશે અને તપાસ કરશે, તેના અહેવાલમાં સમય લાગશે. જ્યાં સુધી તેનો અહેવાલ ન મળે ત્યાં સુધી, બાંગ્લાદેશ, મ્યાનમાર વગેરેમાંથી ઘુસણખોરી બંધ થાય તેની ખાતરી કરવી આવશ્યક છે. નેપાળ સરહદ પર પણ તકેદારી રાખવી જરૂરી છે.

## ૬ વાર MLA અને પૂર્વ મંત્રી રહી ચુકેલા માનસ ભુઈયાએ છોડી TMC

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ને એક પછી એક મોટા ઝટકા લાગી રહ્યા છે. મમતા બેનર્જીના ખાસ ગણાતા માનસ ભુઈયાએ પાર્ટીને અલવિદા કહી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું સીધું મમતા બેનર્જીને મોકલી આપ્યું છે ,અને આરોપ લગાવ્યો છે કે પાર્ટી પોતાના રાજકીય સિદ્ધાંતોથી ભટકી ગઈ છે. પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં હાર બાદ સતત મુશ્કેલીઓમાં ઘેરાયેલા મમતા બેનર્જી માટે આ મોટો ફટકો છે. ૬ વાર ધારાસભ્ય અને પૂર્વ મંત્રી માનસ ભુઈયાએ TMCના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું છે. જો કે, અન્ય નેતાઓની જેમ તેમણે મમતા બેનર્જી કે અભિષેક બેનર્જી પર વ્યક્તિગત કોઈ આરોપો લગાવ્યા નથી. મીડિયા સાથેની વાતચીતમાં તેમણે સ્પષ્ટ કર્યું કે, તેઓ રાજનીતિમાંથી નિવૃત્તિ નથી લઈ રહ્યા, પરંતુ આગળનું પગલું શું હશે તે અંગે કોઈ ખુલાસો કર્યો નથી. આથી તે પોતાની જૂની પાર્ટી કોંગ્રેસમાં પાછા ફરશે કે અન્ય કોઈ પક્ષમાં જોડાશે તે અંગે અટકળો તેજ થઈ ગઈ છે. માનસ ભુઈયા છેલ્લા એક દાયકાથી મમતા બેનર્જી સાથે હતા, પરંતુ આ વખતે તેમણે સબાંગ વિધાનસભા બેઠક પરથી હારનો સામનો કરવો પડ્યો છે. અવિભાજિત મિદનાપુર જિલ્લાના સૌથી પ્રભાવશાળી નેતાઓમાંથી એક માનસ ભુઈયા લાંબા સમય સુધી કોંગ્રેસમાં રહ્યા હતા, જ્યાં તેઓ પાર્ટી અધ્યક્ષ અને વિધાનસભામાં વિપક્ષના નેતા પણ રહી ચૂક્યા છે. ત્યારબાદ ૨૦૧૬માં ભુઈયા TMC માં જોડાયા હતા અને રાજ્ય કેબિનેટ મંત્રી તરીકે પણ સેવા આપી હતી. માનસ ભુઈયાનું આ રાજીનામું એવા સમયે આવ્યું છે, જ્યારે ચૂંટણી હાર્યા બાદ તૃણમૂલ કોંગ્રેસ પર અસ્તિત્વનું સંકટ મંડરાઈ રહ્યું છે. પાર્ટીના ૨૮ લોકસભા સાંસદોમાંથી ૨૦ સાંસદો બળવાખોર બન્યા છે. મમતા બેનર્જીના સમર્થનમાં હવે માત્ર ૮ સાંસદો જ બચ્યા છે. ૪ રાજ્યસભા સાંસદોએ પણ પોતાની સદસ્યતા છોડી દીધી છે. વિધાનસભાના વિપક્ષના નેતા પદ સ્વીકારનારા ઋતબ્રત બેનર્જીએ સ્પષ્ટ કર્યું છે કે, તે મમતા બેનર્જીને નેતા માને છે, પરંતુ પાર્ટીમાં અભિષેક બેનર્જી માટે કોઈ જગ્યા નથી. ઋતબ્રતને અંદાજે ૬૦ TMC ધારાસભ્યોનું સમર્થન હોવાનો દાવો કરાયો છે.

### ૧૨ વર્ષ : જન વિશ્વાસના, વિકાસના, જન કલ્યાણના

# ગુજરાત સાયન્સ સિટીઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનથી બનેલું વૈશ્વિક જ્ઞાન અને આધુનિક પ્રગતિનું જીવંત પ્રતિક









## મે-૨૦૨૬ સુધીમાં અંદાજે ૧.૪૩ કરોડથી વધુ વિજ્ઞાન પ્રેમીઓ અને વિદ્યાર્થીઓ સાયન્સ સિટીની મુલાકાતે

## નેચર પાર્ક, રોબોટીક્સ, એક્વેટિક, એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી, પ્લેનેટ અર્થ, એનર્જી એજ્યુકેશન પાર્ક,મ્યુઝિકલ ફાઉન્ટેન દ્વારા 'ગુજરાત સાયન્સ સિટી' બન્યું દેશનું અગ્રેસર વિજ્ઞાન કેન્દ્ર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વના ૧૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાના અવસરે ગુજરાતમાં થયેલા અભૂતપૂર્વ વિકાસકાર્યોમાં અમદાવાદ સ્થિત 'ગુજરાત સાયન્સ સિટી' એક ગૌરવશાળી અને પ્રેરણાદાયી સિદ્ધિ તરીકે ઉભરી આવ્યું છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાના વડાપ્રધાનશ્રીના વિઝનના પરિણામે આજે ગુજરાત સાયન્સ સિટી દેશના અગ્રણી વિજ્ઞાન કેન્દ્રોમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. વિશ્વસ્તરીય સુવિધાઓ સાથે આ કેન્દ્ર આજે જ્ઞાન, નવીનતા અને પ્રગતિનું વૈશ્વિક પ્રતિક બન્યું છે.

વર્ષ ૨૦૦૬ થી મે-૨૦૨૬ સુધીમાં અંદાજે ૧.૪૩ કરોડથી વધુ વિજ્ઞાન પ્રેમીઓ તેમજ વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીની મુલાકાત કરીને વિજ્ઞાનને નજીકથી સમજવાનો, અનુભવવાનો અને શીખવાનો પ્રયત્ન કર્યો છે.

અમદાવાદ સ્થિત ગુજરાત સાયન્સ સિટીની સ્થાપના તા. ૧૦ ઓગસ્ટ ૧૯૯૯ના રોજ કરવામાં આવી હતી. શ્રી નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શરૂ થયેલા આધુનિકીકરણ અને વિસ્તરણના ભગીરથ પ્રયાસોથી આ સંસ્થાની વિકાસયાત્રા વધુ વેગવંતી બની હતી. વિજ્ઞાનને માત્ર પુસ્તકો પૂરતું મર્યાદિત ન રખાતા, તેને અનુભવ આધારિત અને રસપ્રદ બનાવવાના અભિગમ સાથે સાયન્સ સિટીને સતત નવી દિશા આપવામાં આવી છે. આજે આ સંસ્થા માત્ર વિજ્ઞાનના પ્રદર્શનનું કેન્દ્ર નથી, પરંતુ વિદ્યાર્થીઓ, સંશોધકો, શિક્ષકો અને પરિવારો માટે પ્રેરણાનું એક સશક્ત માધ્યમ બની ગઈ છે.

વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત તા. ૦૯ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ 'નોબલ પ્રાઈઝ સિરીઝ'ના કાર્યક્રમમાં અને ત્યારબાદ બીજી વખત તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ 'વાયબ્રન્ટ ગુજરાત'ની સક્સેસ સમિટના કાર્યક્રમ દરમિયાન ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે કેન્દ્રના વૈશ્વિક સ્તરના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ અને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા, જેને આજે ગુજરાત સરકાર સાકાર કરી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન તેમજ સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાના સતત પ્રયાસોથી આગામી સમયમાં સાયન્સ સિટી ખાતે એવિએશન એન્ડ ડીફેન્સ ગેલેરી, હ્યુમન એન્ડ બાયોલોજીકલ સાયન્સ ગેલેરી, અનલિશિંગ ધ ડિજિટલ ફ્યુચર ગેલેરી જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના વિજ્ઞાનિક આકર્ષણોનો ઉમેરો થવા જઈ રહ્યો છે.

★વિદ્યાર્થીઓ-વિજ્ઞાન પ્રેમીઓ માટેના મુખ્ય આકર્ષણોઃ-

★એક્વેટિક ગેલેરીઃ

●એક્વેટિક ગેલેરીએ ભારતના સૌથી મોટા માછલીઘરોમાનું એક છે જેમાં ૬૮ ટેંક અને ૧૮૮ પ્રજાતિઓ જોવા મળે છે.

●આ માછલીઘરમાં ૧૧,૬૦૦ થી વધુ માછલીઓ સાથે શાર્ક પણ જોવા મળે છે અને અહીં ૨૮ મીટર લાંબી 'શાર્ક ટનલ' પણ આવેલી છે.

●આ ગેલેરીમાં ઈન્ડિયન ઝોન, એશિયન ઝોન અને આફ્રિકન ઝોન સહિત ૧૦ વિવિધ દરિયાઈ વિસ્તારોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઉપરાંત, અહીં આફ્રિકન પેન્ગ્વિનનું આકર્ષક પ્રદર્શન તથા આધુનિક 5D થિયેટરની સુવિધા પણ ઉપલબ્ધ છે.

★એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી

●આ ગેલેરીનું નિર્માણ ૧૨,૭૯૭ ચોરસ મીટરના વિસ્તારમાં સોલાર સિસ્ટમ આધારિત કરવામાં આવ્યું છે.

●આ ગેલેરીમાં ૧૭૨ બેઠકો ધરાવતું હાઈબ્રિડ પ્લેનેટોરિયમ, સ્પેસ ઓબ્ઝરવેશન માટે ટેલિસ્કોપવાળું ખાસ કેન્દ્ર અને ૧૫૦ થી વધુ અદભૂત પ્રદર્શનો આવેલા છે.

★રોબોટિક્સ ગેલેરી

●૧૧,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલી આ ગેલેરીમાં ૭૯ પ્રકારના કુલ ૨૦૨ રોબોટ્સ જોવા મળશે.

●આ ગેલેરીમાં માનવ જેવા દેખાતા 'હ્યુમનોઈડ રોબોટ્સ', એક અદભુત ફઈ/છઈ ગેલેરી અને એક રોબો કાફે આવેલું છે, જ્યાં રોબોટ શેફ દ્વારા ભોજન બનાવવામાં આવે છે અને રોબોટ વેઈટર્સ દ્વારા ભોજન પીરસવામાં આવે છે.

★આઈમેક્સ 3D થિયેટર

●આ થિયેટરમાં રોમાંચક 3D અનુભવ માણી શકાય છે.

●થિયેટરમાં હબલ 3D, સ્પેસ સ્ટેશન, મેગ્નિફિસન્ટ ડિઝોલેશનઃ વોકિંગ ઓન ધ મૂન અને ટી-રેક્સઃ બેક ટુ ધ ક્રિટેશિયસ જેવી ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવે છે.

★મલ્ટીમીડિયા લેસર અને ફાઉન્ટેન શો★

●આ મ્યુઝિકલ ફાઉન્ટેનમાં 36×16 મીટરની વોટર સ્ક્રીન અને 16×9 મીટરની બે સ્ક્રીનનો ઉપયોગ કરીને, ૭૦ મીટરના આકર્ષક 3D પ્રોજેક્શન દ્વારા એક અદભૂત અનુભવ આપવામાં આવે છે.

★પ્લેનેટ અર્થ

●આ ગેલેરી મુલાકાતીઓને કુદરતી આપત્તિઓ જેમ કે ભૂકંપ અને જ્વાળામુખી, માનવ શરીરની રચના, જૈવવિવિધતા અને પૃથ્વી પર જીવનના વિકાસ વિશે રસપ્રદ માહિતી આપે છે.

●આ સાથે જ જમીનની અંદર આવેલી કોલસાની ખાણ અને એક 4D થિયેટર પણ અહી જોવા મળશે.

★નેચર પાર્ક

●૨૦ એકરમાં ફેલાયેલા આ પાર્કમાં વૉકિંગ અને જોગિંગ ટ્રેક, મિસ્ટ ફોરેસ્ટ -ધુમ્મસભર્યું જંગલ, બટરફ્લાય ગાર્ડન, ઓપન જીમ, ચેસ અને યોગા ગાર્ડન જેવી સુવિધાઓ આવેલી છે.

●અહીં લુપ્ત થઈ ગયેલા પ્રાણીઓના ૧૫ શિલ્પો પણ મૂકવામાં આવ્યા છે, જેમાં મેમથ, ટેરર બર્ડ અને સેબર ટૂથ લાયન જેવા જીવોનો સમાવેશ થાય છે.

★એનર્જી એજ્યુકેશન પાર્ક

●આ પાર્ક ઊર્જા સંરક્ષણ અને ઘટતા જતા સંસાધનો વિશે મુલાકાતીઓમાં જાગૃતિ ફેલાવે છે.

●અહીંના પ્રદર્શનો પ્રાચીન ભારતીય ફિલસૂફીના પાંચ મૂળભૂત તત્વો તેજ, મરુત, અપ, ક્ષિતિ અને વ્યોમ પર આધારિત છે.

★લાઈફ સાયન્સ પાર્ક

●આ પાર્કમાં એક નદી પ્રણાલી, બટરફ્લાય પાર્ક,પક્ષીઘર, ઉડી ન શકે તેવા પક્ષીઓનું કેન્દ્ર અને એક ટિશ્યુ કલ્ચર લેબ આવેલી છે.

★હોલ ઓફ સાયન્સ અને હોલ ઓફ સ્પેસ

● હોલ ઓફ સાયન્સ એક વિશાળ ઓપન લેબોરેટરી છે, જ્યાં મુલાકાતીઓ જાતે પ્રયોગો કરીને પ્રકાશ, દ્રષ્ટિ, ગતિવિજ્ઞાન અને ધ્વનિના સિદ્ધાંતોને રસપ્રદ રીતે સમજી શકે છે.

●હોલ ઓફ સ્પેસઃ આ વિભાગમાં મુલાકાતીઓ માટે મંગળની રોમાંચક સફરનો અનુભવ કરાવતી "મિશન ટુ માર્સ"ની ખાસ સિમ્યુલેટેડ રાઈડ આવેલી છે.

★સાયન્સ સિટીની વિકાસયાત્રાના નવા સીમાચિહ્નોઃ

સાયન્સ સિટીની વૈશ્વિક લોકપ્રિયતા અને વૈજ્ઞાનિક સમૃદ્ધિમાં વધારો કરવા પ્રથમ તબક્કામાં બે નવી ભવ્ય ગેલેરીઓ નિર્માણધીન છે જે વિજ્ઞાન જગતમાં ગુજરાત માટે મોટી ઉપલબ્ધિ સમાન હશે.

★એવિએશન એન્ડ ડિફેન્સ ગેલેરીઃ

આ ગેલેરી દ્વારા મુલાકાતીઓને દેશની આધુનિક રક્ષા તકનીકો, સેનાના શસ્ત્રો, ઉડ્ડયન વિજ્ઞાન (Aviation) અને આકાશમાં માનવીની હરણફાળનો રોમાંચક અનુભવ મળશે.

★હ્યુમન એન્ડ બાયોલોજિકલ સાયન્સ ગેલેરીઃ

આ ગેલેરી માનવ શરીરની જટિલ આંતરિક રચના, બાયોલોજીકલ વિજ્ઞાનના વિવિધ પાસાઓ અને ભવિષ્યની તબીબી અને વૈજ્ઞાનિક સંભાવનાઓ વિશે અત્યંત ઈન્ટરેક્ટિવ ડિજિટલ માધ્યમો દ્વારા જ્ઞાન આપશે.

★મુલાકાતીઓ માટે અન્ય આકર્ષણ

વિજ્ઞાન ભવન એ એક સંપૂર્ણ એર-કંડિશન્ડ PEB બિલ્ડિંગ છે, જે એલઈડી સ્ક્રીન, વિશાળ સ્ટેજ અને આશરે ૫૦૦૦ પ્રેક્ષકોની બેઠક ક્ષમતા ધરાવે છે. સાયન્સ ડ્રામા અને મેજિક શો માટે ઉપયોગમાં લેવાતું આ ૧૨૦૦ બેઠકોની ક્ષમતા ધરાવતું એક ઓપન-એર થિયેટર આવેલું છે. નોબેલ ડોમ એ આ ૫૦૦ બેઠકોની ક્ષમતા ધરાવતું એક એર-કંડિશન્ડ બિલ્ડિંગ છે, જે ખાસ કરીને પ્રવાસી એક્ઝિબિશન અને વૈજ્ઞાનિક વર્કશોપ માટે તૈયાર કરવામાં આવ્યું છે.

આ બાળકો માટે ખાસ તૈયાર કરાયેલા ચિલ્ડ્રન એક્ટિવિટી સેન્ટર એ પ્રાયોગિક પ્રવૃત્તિઓ, ભૌતિક વિજ્ઞાનના પ્રયોગો અને રાસાયણિક પ્રક્રિયાઓ શીખવા માટેની એક અનોખી જગ્યા છે. ૩૦ બેઠકો ધરાવતી એક એવી સિમ્યુલેટર થ્રિલ રાઈડર છે, જે મુલાકાતીઓને રોલર કોસ્ટરની સવારી, ડાયનો સફારી અને એરોબેટિક એરક્રાફ્ટ (વિમાન) ઉડાડવાનો રોમાંચક અનુભવ કરાવે છે.

★મહાનુભવો-મુલાકાતીઓના પ્રતિભાવોઃ

★શ્રી આશિષ સોની, વૈજ્ઞાનિક/એન્જિનિયર, SAC ISRO

મારા માટે વિજ્ઞાન અને અવકાશ હંમેશાં ઉત્સુકતાનો વિષય રહ્યા છે અહીં જે રીતે 'એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી' વિકસાવવામાં આવી છે, તે દરેક વ્યક્તિ અને ખાસ કરીને વિદ્યાર્થીઓના જ્ઞાનની જિજ્ઞાસાને સંતોષે છે. પ્રાચીન અવકાશ વિજ્ઞાનથી લઈને આજના આધુનિક વિશ્વ અને ભવિષ્યની સફર સુધીની તમામ માહિતી આ ગેલેરીમાં આવરી લેવામાં આવી છે. આ ગેલેરીની મુલાકાત લઈને મને ખૂબ આનંદ થયો છે અને અમદાવાદમાં આપણી પોતાની સાયન્સ સિટીમાં આટલી ભવ્ય સુવિધા ઉપલબ્ધ છે તેનો મને ગર્વ છે. ભવિષ્ય માટે મારી અનેક હાર્દિક શુભેચ્છાઓ! મને એ લખતા ખૂબ આનંદ થાય છે કે, તમે ખરેખર દરેકના જ્ઞાનમાં વધારો કરી રહ્યા છો.

★શ્રી દીપેશ કેડિયા, IAS (ભારતીય વહીવટી સેવા)

સ્પેસ ગેલેરીની આ મારી પ્રથમ મુલાકાત હતી અને તેનો અનુભવ મારી કલ્પનાથી પણ પર હતો. હું ભલામણ કરું છું કે રાજ્યના દરેક વિદ્યાર્થીને પ્લેનેટેરિયમનો અનુભવ કરાવવો જોઈએ, કારણ કે તે સમગ્ર બ્રહ્માંડના ઈતિહાસને અત્યંત સંક્ષિપ્ત અને અસરકારક રીતે રજૂ કરે છે. અહીંના શિક્ષકોએ પણ વિવિધ જટિલ વિષયો ખૂબ જ સરળતાથી સમજાવ્યા. આ ગેલેરીના વિકાસકર્તાઓને અભિનંદન.

★શ્રી ગિરીશ કામદાર-મુલાકાતી

સાયન્સ સિટીની મુલાકાતનો અમારો અનુભવ અદભૂત રહ્યો બાળકો માટે આ ખૂબ જ શૈક્ષણિક અને માહિતીસભર જગ્યા છે. દરેક માતા-પિતાએ તેમના બાળકો સાથે અહીં અચૂક મુલાકાત લેવી જોઈએ-

★શ્રી ચંદ્રેશ રાંદેરિયા-મુલાકાતી

અમે તાજેતરમાં ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત લીધી અને અમારો અનુભવ ખૂબ જ અદ્ભુત રહ્યો. અહીંની તમામ સેવાઓ ઉત્કૃષ્ટ હતી અને બધું જ ખૂબ સરસ રીતે સંચાલિત હતું. ખાસ કરીને 5D શો, તે ખરેખર અદભૂત અને મનોરંજક હતો. અમે ત્યાંના બે સ્ટાફ મેમ્બર્સનો ખાસ આભાર માનવા માંગીએ છીએ જેમણે ખૂબ જ વિનમ્રતાપૂર્વક અમારી મદદ કરી અને તેમના સહકાર તથા માર્ગદર્શનથી અમારો અનુભવ વધુ સુંદર બન્યો આવી શ્રેષ્ઠ મહેમાનગતિ માટે ખૂબ-ખૂબ આભાર.પરિવાર અને મિત્રો સાથે મુલાકાત લેવા માટે આ ઉત્તમ જગ્યા છે.

★શ્રી આશિષ-મુલાકાતી

અહીં પ્રવેશતા પહેલાં અમે ક્યારેય વિચાર્યું ન હતું કે આ જગ્યા આટલી અદભુત હશે. કોઈએ પણ આની મુલાકાત લેવાનું ચૂકવું ન જોઈએ. અહીંથી આપણને ઘણું બધું નવું જાણવા અને શીખવા મળે છે.

આજે ગુજરાત સાયન્સ સિટી નવા ભારતના વિકાસ વિઝનનું જીવંત ઉદાહરણ છે. દ્રષ્ટિવંત નેતૃત્વ, સુદૃઢ આયોજન અને સતત વિકાસના પરિણામે સાયન્સ સિટીએ જે સફળતાની ગાથા રચી છે, તે ગુજરાત મોડેલની એક ગૌરવશાળી સિદ્ધિ છે. આવનારા સમયમાં નવી ગેલેરીઓ અને આધુનિક પ્રકલ્પો સાથે સાયન્સ સિટી વિજ્ઞાનપ્રસાર અને જનજાગૃતિના ક્ષેત્રમાં વધુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને લાખો યુવાનોને વિજ્ઞાન તરફ પ્રેરિત કરતી રહેશે તેમ સાયન્સ સિટી, અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

- જનક દેસાઈ

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### શિવસેનામાં ફરી ભંગાણ?

## પક્ષ પલટાની અફવાઓ વચ્ચે ઉદ્ધવ ઠાકરેએ બોલાવી સાંસદોની બેઠક

### માતોશ્રી ખાતે યોજવામાં આવેલી મહત્વની બેઠકમાં ૪ સાંસદો રૂબરૂ અને ૫ ઓનલાઈન જોડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય ઉથલપાથલ તેજ બની છે. શિવસેના (UBT) ના કેટલાક સાંસદો પક્ષ પલટો કરીને અન્ય પાર્ટીમાં જોડાઈ શકે તેવી જોરદાર અટકળો ચાલી રહી છે. આ અફવાઓને શાંત કરવા અને પોતાની તાકાત બતાવવા માટે રવિવારે (૧૪ જૂન) ઉદ્ધવ ઠાકરેએ પોતાના નિવાસસ્થાન માતોશ્રી ખાતે સાંસદોની એક તાકીદની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં ભવિષ્યની રણનીતિ પર ચર્ચા કરવામાં આવી હતી. પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય રાઉતે આ તમામ અફવાઓનું ખંડન કરતા ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા અને દાવો કર્યો હતો કે તેમના ૯ સાંસદો આ બેઠકમાં સીધા અથવા ઓનલાઈન જોડાયા હતા.

ભાજપના કથિત ઓપરેશન ટાઈગર અંગે પૂછવામાં આવતા સંજય રાઉતે રોકડું પરખાવતા કહ્યું હતું કે, "આપણે પોતે જ વાઘ છીએ, તો પછી ઓપરેશન ટાઈગર કેવું? અમે તો ઓપરેશન વુલ્ફ (વરુ) ચલાવીશું." તેમણે સ્પષ્ટતા કરી કે બેઠકમાં તેમના ૪ સાંસદો રૂબરૂ અને ૫ સાંસદો વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી હાજર રહ્યા હતા. રાઉતે સાંસદો પક્ષ છોડવાના છે તેવી ખોટી અફવાઓ ફેલાવનારાઓને પણ ચેતવણી આપી હતી અને કહ્યું કે અમારી પાર્ટી એકદમ એકજૂથ છે.

શિવસેના (UBT) ની આ મહત્વની બેઠકમાં નીચે મુજબના સાંસદોએ હાજરી આપી હતીઃ

રૂબરૂ પહોંચેલા સાંસદોઃ અરવિંદ સાવંત (મુંબઈ દક્ષિણ), અનિલ દેસાઈ (મુંબઈ દક્ષિણ મધ્ય), રાજાભાઉ વાઝે (નાસિક) અને સંજય દિના પાટીલ (મુંબઈ ઉત્તર પૂર્વ).

ઓનલાઈન જોડાયેલા સાંસદોઃ સંજય દેશમુખ (યવતમાલ-વાશિમ) અને નાગેશ પાટીલ અષ્ટિકર (હિંગોલી) ઓનલાઈન કે ફોન દ્વારા ઉદ્ધવ ઠાકરેના સતત સંપર્કમાં રહ્યા હતા. મુંબઈ ઉત્તર પૂર્વના સાંસદ સંજય દિના પાટીલ આ બેઠક પૂર્ણ થયા બાદ મોડા પહોંચ્યા હતા. તેમણે પોતાની સ્પષ્ટતા આપતા મીડિયાને જણાવ્યું હતું કે, "મારા કાફલાની ગાડીનો અકસ્માત થવાને કારણે હું મોડો પડ્યો છું. દરેક પરિવારમાં નાની-મોટી ફરિયાદો હોય છે, પણ મારે કોઈ જ ફરિયાદ નથી. હું કોઈના દબાણમાં નથી. શું કોઈ આપણા પર આ રીતે દબાણ કરી શકે? શું અમે કોઈ લલ્લુ-પંજુ છીએ? મારી પાસે કોઈ બીજી ઓફર નથી, હું શિવસેનામાં જ છું, તો પછી તમે લોકો મને બીજે ક્યાં મોકલવા માંગો છો?"

આ તાકીદની બેઠકમાં અમુક સાંસદો નહોતા પહોંચી શક્યાઃ

ધારાશિવના સાંસદ ઓમરાજે નિમ્બાલકર ગેરહાજર હતા, પરંતુ તેમણે અગાઉથી જ જાણ કરી દીધી હતી કે તેમના પુત્રને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોવાથી તેઓ આવી શકશે નહીં. આ ઉપરાંત પરભણીના સાંસદ સંજય જાધવ અને શિરડીના સાંસદ ભાઈસાહેબ વાકચૌરે પણ બેઠકમાં આવી શક્યા નહોતા. જોકે, સંજય જાધવ આગામી ૨ દિવસમાં માતોશ્રીની મુલાકાત લેવાના હોવાની માહિતી મળી છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા વાંસજાળિયા, જેતલસર, વેરાવળ, સોમનાથ, સાસણ ગીર અને જૂનાગઢ વિસ્તારમાં વ્યાપક સંરક્ષા નિરીક્ષણ







પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા ૧૩ અને ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ ભાવનગર મંડળ હેઠળ આવેલા વિવિધ રેલવે સ્ટેશનો તથા રેલખંડોનું વ્યાપક નિરીક્ષણ કરવામાં આવ્યું. આ દરમિયાન તેમણે યાત્રી સુવિધાઓ, આધારભૂત માળખું, સંરક્ષા, સ્વચ્છતા અને વિકાસ કાર્યોની સમીક્ષા કરી. તેમની સાથે ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

તેમના પ્રવાસની શરૂઆત વાંસજાળિયા રેલવે સ્ટેશનના નિરીક્ષણથી થઈ હતી, જ્યાં તેમણે પ્લેટફોર્મ, યાત્રી સુવિધાઓ તથા રેલવે કર્મચારીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓનું અવલોકન કર્યું. તેમણે સ્ટેશન સંચાલન, આધારભૂત માળખાના જાળવણી કાર્યો, સ્વચ્છતા, યાત્રી સુવિધાઓ તથા કર્મચારીઓના કલ્યાણ સંબંધિત વ્યવસ્થાઓની વિસ્તૃત સમીક્ષા કરી. આ પ્રસંગે તેમણે રેલવે કર્મચારીઓ સાથે સંવાદ કરી તેમની નિષ્ઠા અને સમર્પણની પ્રશંસા કરી તેમજ સંરક્ષિત અને અવરોધમુક્ત રેલ સંચાલન માટે સતત પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો.

ત્યારબાદ શ્રી પાંડે દ્વારા જેતલસર રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કરવામાં આવ્યું. તેમણે યાત્રી સુવિધાઓ, સ્ટેશન પરિસરની સ્વચ્છતા, સર્ક્યુલેટિંગ એરિયા તથા સમગ્ર જાળવણી વ્યવસ્થાનું અવલોકન કર્યું. યાત્રિયોને વધુ સારી, સુરક્ષિત અને સુવિધાસભર મુસાફરીનો અનુભવ મળે તે માટે જરૂરી વ્યવસ્થાઓની સમીક્ષા કરી અને સ્ટેશન પરિસરને સ્વચ્છ તથા સુવ્યવસ્થિત રાખવા પર વિશેષ ભાર મૂક્યો.

જેતલસર પ્રવાસ દરમિયાન મહાપ્રબંધકે જેતપુરના માનનીય ધારાસભ્ય શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડિયા તથા અન્ય જનપ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી અને વિવિધ રેલવે સંબંધિત મુદ્દાઓ તેમજ વિસ્તારમાં ચાલી રહેલી વિકાસ યોજનાઓ અંગે ચર્ચા કરી. બેઠક દરમિયાન યાત્રી સુવિધાઓના વિસ્તરણ, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઉન્નતીકરણ તથા ભાવિ વિકાસ યોજનાઓ અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો.

મહાપ્રબંધકે જેતલસર સ્ટેશન પર મીડિયા પ્રતિનિધિઓ સાથે પણ સંવાદ કર્યો અને વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કાર્યો અંગે માહિતી આપી. તેમણે યાત્રી સેવાઓના ઉન્નતીકરણ, આધારભૂત માળખાના વિકાસ તથા રેલવે સુવિધાઓના આધુનિકીકરણ માટે પશ્ચિમ રેલવે દ્વારા કરવામાં આવી રહેલા સતત પ્રયાસો અંગે પ્રકાશ પાડ્યો.

શ્રી પાંડે દ્વારા સોમનાથ રેલવે સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન પુનર્વિકાસ કાર્યોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. તેમણે પ્રસ્તાવિત સ્ટેશન રૂપાંતરણ દર્શાવતા પ્રોજેક્ટના લઘુ મોડેલનું અવલોકન કર્યું અને કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. આ પ્રસંગે તેમણે પ્રોજેક્ટનું સમયબદ્ધ અને ગુણવત્તાસભર અમલીકરણ સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂક્યો. સાથે જ સ્ટેશન પરિસરમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપ્યો.

પ્રવાસ દરમિયાન શ્રી પાંડે દ્વારા સાસણ ગીર રેલવે સ્ટેશન તથા સાસણ ગીર હોલિડે હોમનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું અને ત્યાં ઉપલબ્ધ સુવિધાઓ તેમજ જાળવણી વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી.

આ ઉપરાંત તેમણે જૂનાગઢ રેલવે સ્ટેશનની મુલાકાત લઈને ત્યાં ચાલી રહેલા સ્ટેશન પુનર્વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું. તેમણે યાત્રી સુવિધાઓ, સંરક્ષા ધોરણો તથા સલામતી સંબંધિત વ્યવસ્થાઓનું અવલોકન કરી સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું.

તેમના નિરીક્ષણ કાર્યક્રમ અંતર્ગત શ્રી પાંડે દ્વારા ભાવનગર મંડળના વાંસજાળિયા–વેરાવળ રેલખંડનું મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા સાથે વિન્ડો ટ્રેલિંગ સંરક્ષા નિરીક્ષણ પણ કરવામાં આવ્યું. આ દરમિયાન રેલપથની સ્થિતિ, સંચાલન કાર્યક્ષમતા, સિગ્નલિંગ વ્યવસ્થા તથા વિવિધ સંરક્ષા માપદંડોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. તેમણે રેલ સંચાલનની સંરક્ષા અને વિશ્વસનીયતા વધુ મજબૂત બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપી.

મહાપ્રબંધકે જણાવ્યું કે નિયમિત સંરક્ષા નિરીક્ષણો સુરક્ષિત, વિશ્વસનીય અને અવરોધમુક્ત રેલ સંચાલન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સાથે જ તે મુસાફરોની સુરક્ષા તથા ઉત્તમ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રત્યે પશ્ચિમ રેલવેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

પશ્ચિમ રેલવે યાત્રિયોને સુરક્ષિત, આધુનિક અને વિશ્વસ્તરીય સુવિધાઓ પ્રદાન કરવા માટે સતત પ્રતિબદ્ધ છે. મહાપ્રબંધકનો આ નિરીક્ષણ પ્રવાસ વિસ્તારમાં ચાલી રહેલી વિકાસ યોજનાઓની પ્રગતિની સમીક્ષા તથા રેલવે સેવાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો છે.

### રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ લીલી ઝંડી આપશે

## ટૂંક સમયમાં શરૂ થશે બીકાનેર–સાબરમતી નવી ટ્રેન સેવા

ગુજરાત અને રાજસ્થાનના લોકોને ટૂંક સમયમાં એક નવી રેલ સેવા ની ભેટ મળવા જઈ રહી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ ટૂંક સમયમાં અમદાવાદ (સાબરમતી)–બીકાનેર (લાલગઢ) એક્સપ્રેસને લીલી ઝંડી આપશે. આ નવી રેલ સેવા અમદાવાદ અને બીકાનેર વચ્ચે સીધી, ઝડપી અને સુવિધાજનક રેલ કનેક્ટિવિટી પૂરી પાડશે.

આ નવી એક્સપ્રેસ ટ્રેન પશ્ચિમ ભારતના બે મહત્વપૂર્ણ પ્રવાસન ક્ષેત્રોને પરસ્પર જોડશે. હવે ગુજરાતના પ્રખ્યાત સાબરમતી રિવરફ્રન્ટ, મોઢેરા સૂર્ય મંદિર, પાટણની રાણીની વાવ અને અમદાવાદની સમૃદ્ધ વારસાગત સંસ્કૃતિનો આનંદ માણવો હોય કે રાજસ્થાનના ભવ્ય જૂનાગઢ કિલ્લો, કરણી માતા મંદિર, લાલગઢ પેલેસ તેમજ બીકાનેરની સમૃદ્ધ સંસ્કૃતિ અને રણપ્રદેશના પર્યટનનો અનુભવ કરવો હોય, આ નવી એક્સપ્રેસ ટ્રેન મુસાફરોને સુવિધાજનક અને સીધી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવશે.

નવી ટ્રેનથી ગુજરાતના અમદાવાદ, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓ તથા રાજસ્થાનના જાલોર, બાલોતરા, જોધપુર, નાગૌર અને બીકાનેર જિલ્લાઓને લાભ મળશે. ટ્રેનના મુખ્ય સ્ટેશનોમાં સાબરમતી, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરાન, જાલોર, મોકલસર, સમદડી, લૂણી, જોધપુર, ગોટન, મેઢતા રોડ, નાગૌર, નોખા, બીકાનેર અને લાલગઢનો સમાવેશ થાય છે.

લગભગ ૭૪૦ કિલોમીટરનું અંતર નિશ્ચિત કરનારી આ નવી એક્સપ્રેસ સેવાના પ્રારંભ થતાંની સાથે જ બીકાનેરથી અમદાવાદ વચ્ચે દૈનિક એક્સપ્રેસ રેલ સંપર્ક સ્થાપિત થશે. આ દૈનિક ટ્રેન સેવાથી વિદ્યાર્થીઓ, નોકરીયાત લોકો, વેપારીઓ તેમજ પ્રવાસીઓ માટે વિશેષ સુવિધા પ્રાપ્ત થશે.આ ટ્રેન બંને રાજ્યોના પ્રાદેશિક વિકાસ, આર્થિક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનને નવી ઉર્જા પ્રદાન કરશે.

તાજેતરમાં કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે રાજસ્થાનના લોકોને અનેક મહત્વપૂર્ણ રેલવે યોજનાઓ અને સેવાઓની ભેટ આપી છે. થોડા દિવસો પહેલાં તેમણે જોધપુરથી વિવિધ ટ્રેન સેવાઓને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી તેમજ જેસલમેર ખાતે કોચ કેર કોમ્પ્લેક્સનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે જોધપુર–દિલ્હી કેન્ટ વંદે ભારત એક્સપ્રેસને ૨૦ કોચ સાથે ચલાવવાની સુવિધા આપવામાં આવી હતી, જયારે સાબરમતી–જોધપુર એક્સપ્રેસનું વિસ્તરણ જેસલમેર સુધી કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત, જાલોરથી મંત્રીજી દ્વારા ભુજ–જાલોર–પાલી–દિલ્હી નવી ટ્રેન સેવાને પણ લીલી ઝંડી બતાવી હતી, જેના કારણે જાલોર, પાલી અને આસપાસના વિસ્તારોને પ્રથમ વખત દિલ્હી અને ભુજ સાથે સીધી રેલ કનેક્ટિવિટી પ્રાપ્ત થઈ છે.

## ગુજરાત ભાજપમાં નો રીપીટ ની ચર્ચા બની તેજ: ૨૦૨૭ની વિધાનસભા ચુંટણીમાં દિગ્ગજ નેતાઓના પત્તા કપાશે?

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતની રાજનીતીમાં રાજય સભાની ચુંટણી માટે તૈયારીઓ પુરી થયા બાદ ઉમેદવારો પણ બિનહરીફ જીતી ગયા છે. પક્ષે આ વખતે અનુભવી અને લાંબા સમયથી સક્રિય રહેલા કેટલાક નેતાઓને બદલે તુલનાત્મક રીતે યુવા અને સંગઠન આધારીત ચહેરાઓ પર વિશ્વાસ વ્યકત કર્યો છે. આ નિર્ણયને લઈને હવે ભાજપના સીનીયર નેતાઓ અને વર્તમાન ધારાસભ્યોમાં અનેક અટકળો ચાલી રહી છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે રાજય સભાની જેમ જો આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં પણ નવા અને યુવા ચહેરાઓને પ્રાધાન્ય આપવામાં આવશે તો અનેક સીનીયર નેતાઓ માટે પડકાર ઉભો થઈ શકે છે. પક્ષના કેટલાક કાર્યકરો અને નેતાઓ માને છે કે આ નિર્ણય ભવિષ્યના રાજકીય સંકેત તરીકે જોવામાં આવી શકે છે. રાજય સભા માટે પસંદ કરાયેલા ઉમેદવારોમાં મોટા ભાગના નેતાઓ તુલનાત્મક રીતે યુવા વર્ગમાંથી આવે છે. જેના કારણે હવે ચર્ચા શરૂ થઈ છે કે ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં ઉમેદવારી માટે ઉંમર, કાર્યક્ષમતા અને સંગઠન પ્રત્યેનુ યોગદાન જેવા માપદંડો વધુ મહત્વના બની શકે છે. ભાજપે અગાઉ પણ અનેક રાજયોમાં નો રીપીટ અને પર્ફોમન્સ આધારીત પસંદગીની નીતી અપનાવી છે. ગુજરાતમાં ૨૦૨૨ ની ચુંટણી દરમિયાન પણ ઘણા નવા ચહેરાઓને તક આપવામાં આવી હતી. હવે ફરી આવી જ વ્યુહરચના અપનાવવામાં આવશે કે નહી તે અંગે રાજકીય ચર્ચાઓ ચાલી રહી છે. પક્ષના અનેક અનુભવી ધારાસભ્યો અને નેતાઓ લાંબા સમયથી વિધાનસભાનુ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. જો ઉમેદવારી પ્રક્રિયામાં નવી પેઢીને પ્રાથમિકતા આપવામાં આવશે તો કેટલાક જાણીતા રાજકીય ચહેરાઓ માટે આગામી ચુંટણી મુશ્કેલ બની શકે છે. રાજકીય નિરીક્ષકોનુ માનવુ છે કે ભાજપ આગામી ચુંટણીમાં જીતની સંભાવના, સ્થાનિક લોકપ્રિયતા, સંગઠન સાથેનુ જોડાણ અને સામાજિક સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરશે.

વડોદરાની માંજલપુર બેઠકના દિગ્ગજ નેતા સ્વર્ગસ્થ યોગેશ પટેલનુ નામ પણ આ ચર્ચામાં વારંવાર લેવાઈ રહ્યુ છે. તેઓ સતત ૮ ટર્મ સુધી ધારાસભ્ય રહ્યા હતા અને પક્ષે અગાઉના કેટલાક માપદંડો હોવા છતાં તેમના અનુભવ અને લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને તેમને ઉમેદવારી આપી હતી. યોગેશ પટેલના નિધન બાદ હવે માંજલપુર બેઠક પર નવા નેતૃત્વ ની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં જોરશોરથી ચાલી રહી છે. હાલ ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી હજુ દુર છે પરંતુ રાજયસભાની પસંદગીએ ભાજપના આંતરીક રાજકારણ અને ભવિષ્યની ઉમેદવારી પ્રક્રિયાને લઈને નવી ચર્ચાઓને જન્મ આપ્યો છે. આગામી સમયમાં પક્ષ કઈ વ્યુહરચના અપનાવે છે તેના પર સૌની નજર રહેશે.

ઉલ્લેખનીય છે કે હાલના ગુજરાત સરકારના ૨૬ મંત્રીઓમાંથી ૫ થી ૬ મંત્રીઓની નબળી કામગીરીને લઈ કેન્દ્રીય હાઈકમાન્ડ નારાજ છે. જેને લઈને પણ આ ૫ થી ૬ મંત્રીઓને મંત્રી મંડળમાં સ્થાન ની વાત તો દુર રહી પરંતુ ટીકીટ મળવી પણ મુશ્કેલ બને તો નવાઈ નહી તેવુ રાજકીય વિશ્લેષકો કહી રહ્યા છે.

## સુરતમાં એલઆરડીની પરીક્ષામાં ૩ ઉમેદવારો માટે પોલીસે ૧૮ કિ.મી.ગાડી દોડાવી સમયસર કેન્દ્ર પર પહોચાડયા

### ૧૮ કિ.મી. દુર ખોટા સેન્ટરે પહોચેલી દિકરીને પોલીસે પહોચાડી: બંધ દુકાનો વચ્ચે ખટોદરા પોલીસ સ્ટેશન બન્યુ ઝેરોક્ષ સેન્ટર: પીસીઆર વાન બની તારણહાર

પ્રતિનિધિ,ગાંધીનગર




આજે રવિવારે સમગ્ર ગુજરાત રાજયમાં લોકરક્ષકદળ (એલઆરડી) ની પરીક્ષા યોજાઈ હતી. જેમાં લાખો ઉમેદવારો કસોટી આપી રહ્યા હતા. પરીક્ષા બોર્ડની કડક ગાઈડ લાઈનના કારણે સમયસર પહોચવુ અનિવાર્ય હતુ. આવા કપરા સમયે સુરત શહેરના અલગ અલગ વિસ્તારોમાં બનેલી ૩ ઘટનાઓએ સાબિત કરી દીધુ છે કે ખાખી વર્દીની પાછળ એક સંવેદનશીલ હૃદય પણ ધબકે છે. સુરત પોલીસ ના જવાનોએ સખત તડકા અને પરીક્ષાના તણાવ વચ્ચે ફસાયેલા ૩ ઉમેદવારોની વ્હારે આવીને સોશીયલ મીડીયા પર વાહ વાહ મેળવી લીધી છે.

સૌથી હૃદય સ્પર્શી ઘટના ડીંડોલી વિસ્તારમાં બની હતી. એક વિદ્યાર્થીનીનુ પરીક્ષા કેન્દ્ર લસકાણા ખાતે હતુ, પરંતુ સરનામાની ગુંચવણના કારણે તે ભુલથી ૧૮ કિ.મી. દુર ડીંડોલી પહોચી ગઈ હતી. પરીક્ષાનો સમય શરૂ થવાને ગણતરીની મીનીટો બાકી હોવાથી દિકરી રડવા લાગી હતી. ત્યાં ફરજ પર હાજર પોલીસ જવાનોની નજર તેના પર પડતા તેમણે તાત્કાલીક ઉચ્ચ અધિકારીઓને વાકેફ કર્યા હતા. પોલીસે સમય બગાડયા વગર પોતાની સરકારી ગાડી ૧૮ કિ.મી. સુધી દોડાવીને તે દિકરીને બિલકુલ સમયસર તેના મુળ પરીક્ષા કેન્દ્ર લસકાણા ખાણે પહોચડી હતી. તો અન્ય એક ઘટનામાં એક ઉમેદવાર પોતાનો ઓફીશીયલ કોલલેટર લાવવાનુ ભુલી ગયો હતો. અથવા તેની હાર્ડ કોપી ખોવાઈ ગઈ હતી, આજે રવિવાર હોવાના કારણે આસપાસની તમામ ઝેરોક્ષ અને પ્રિન્ટિગની દુકાનો સવારના સમયે બંધ હતી. જેથી ઉમેદવાર ભારે ચિંતામાં મુકાયો હતો. આ બાબતની જાણ ખટોદરા પોલીસ સ્ટેશનના સ્ટાફને થતા, તેમણે માનવતા દાખવીને ઉમેદવારને પોલીસ સ્ટેશનની અંદર બોલાવ્યો હતો અને પોતાના ઓફીશીયલ કોમ્પ્યુટર પ્રિન્ટર ની મદદથી તેનો કોલલેટર ડાઉનલોડ કરીને તુરંત પ્રિન્ટ કાઢી આપી હતી.

આવી જ અન્ય એક ત્રીજી ઘટનામાં રાંદેર થી ગોરાટ રોડ પર બની હતી. જયાં એક વિદ્યાર્થીની સેન્ટરનુ કન્ફયુઝન હોવાને કારણે રસ્તા વચ્ચે અટવાઈ ગઈ હતી. તે સમયે પેટ્રોલીંગમાં રહેલી સુરત પોલીસની પીસીઆર વાન તેની લાઈફ લાઈન બની હતી. જવાનોએ તેને વાનમાં બેસાડીને સેન્ટર સુધી સુરક્ષિત ડ્રોપ કરી હતી. સુરત પોલીસની આ ત્રણેય કામગીરીના કારણે ૩ આશાસ્પદ ઉમેદવારોનુ વરસોનુ ભવિષ્ય રોળાતુ બચી ગયુ છે. જેની સમગ્ર સુરત અને સોશીયલ મીડીયા પર ભારે પ્રશંસા થઈ રહી છે.

## અમદાવાદમાં રોગચાળો ફાટી નિકળ્યો: જીવલેણ રોગોનો આતંક: સોલા સીવીલ હોસ્પિટલમાં દર્દીઓનો રાફડો ફાટયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં રોગચાળો ફેલાતો હોય છે. પરંતુ ચાલુ વરસે સ્થિતિ ચિંતાજનક બની છે. અસહ્ય ગરમી અને ભર ઉનાળાની વચ્ચે જ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોએ માથુ ઉચકયું છે. ચોમાસાના આગમન પહેલા જ દુષિત પાણી અને ખોરાકને કારણે ઝાડા ઉલટી, તાવ અને ટાઈફોઈડના કેસોમાં તોતીંગ વધારો નોંધાયો છે.

અમદાવાદની જાણીતી સોલા સીવીલ હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. હાલમાં સોલા સીવીલ હોસ્પિટલની સ્થિતિ જોતા અંદાજ લગાવી શકાય છે કે રોગચાળો કેટલો ગંભીર છે. હોસ્પિટલના સત્તાવાર આંકડાઓ મુજબ છેલ્લા બે અઠવાડીયામાં જ હોસ્પિટલની ઓપીડી નો આંકડો ૨૫,૦૦૪ ને પાર પહોચી ગયો છે. રોગની ગંભીરતાને કારણે હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૨૩૯૦ જેટલા દર્દીઓને એડમીટ (દાખલ) કરવા પડયા છે. ઉનાળામાં પાણીની અછત અથવા દુષિત પાણીના પુરવઠાને કારણે પેટના રોગો વકર્યા છે. સોલા સીવીલ હોસ્પિટલના મેડીકલ ઓફીસર ડોકટર કુલીન વ્યાસના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૫ દિવસમાં જ હોસ્પિટલ દ્વારા ઝાડા ઉલટી અને તાવના ૮૫ જેટલા સેમ્પલ લઈને તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે. આ સીઝનમાં ખાસ કરીને ટાઈફોઈડના કેસોમાં ચિંતાજનક ઉછાળો આવ્યો છે. જેમાં અત્યાર સુધીમાં ટાઈફોઈડના ૧૦ કેસ કન્ફર્મ નોંધાઈ ચુકયા છે. આશ્ચર્યની વાત એ છે કે ચોમાસા પહેલા જ મચ્છરોનો ઉપદ્રવ વધતા ડેન્ગ્યુ અને મેલેરીયાના શંકાસ્પદ કેસો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. હોસ્પિટલના પ્રશાસન દ્વારા તાવના દર્દીઓનુ સઘન સ્કીનીગ કરવામાં આવી રહ્યુ છે. ડેન્ગ્યુના આશરે ૧૨૦૦ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૬ દર્દીઓનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મેલેરીયાની આશંકાને પગલે ૧૨૧૨ જેટલા સેમ્પલ લઈને તપાસ કરવામાં આવી રહી છે. આ રોગચાળાની સૌથી માઠી અસર નાના બાળકો પર જોવા મળી રહી છે. ઉનાળાની ગરમી અને ચેપી રોગોના કારણે માસુમ બાળકોમાં ઝાડા ઉલટી નુ પ્રમાણ ખુબ જ વધી ગયુ છે. હાલમાં સોલા સીવીલ હોસ્પિટલના પીડીયાટ્રીક (બાળકોના) વોર્ડ માં ૧૦ જેટલા બાળકો ગંભીર લક્ષણોને કારણે સારવાર હેઠળ દાખલ થયેલ છે. ડોકટર કુલીન વ્યાસે વધુમાં જણાવ્યુ હતુ કે ઋતુ બદલાવવાના કારણે અને ઉનાળાની ગરમીમાં દુષિત પાણી-ખોરાક થી રોગચાળો ફેલાઈ રહ્યો છે. નાગરીકોને અપીલ છે કે તેઓ પાણી ઉકાળીને પીવે, બહારનો ખુલ્લો કે વાસી ખોરાક ખાવાનુ ટાળે અને મચ્છરોથી બચવા ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહેવા દે, બાળકોમાં ઝાડા ઉલટીના લક્ષણો દેખાય તો તરતજ નજીકની સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવો.

### રાજકોટમાં પારિવારિક ઝઘડામાં ખૂની ખેલ

## જમાઈએ નાનાની છરીના ઘા ઝીંકી કરી હત્યા, નાનીને ગંભીર ઈજા

### મૂળ વેરાવળના વિવેક ગોસ્વામી નામના શખ્સે પત્ની સાથેના અણબનાવની અદાવતમાં ખૂને ખેલ ખેલ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના વિમલનગર વિસ્તારમાં કૌટુંબિક કલેહ આખરે હત્યામાં પરિણમ્યો છે. પત્ની સાથેના ઘરકંકાસની અદાવતમાં એક સાસરી પક્ષના યુવકે ઉશ્કેરાઈ જઈને પત્નીના સગા નાનાની નિર્મમ હત્યા કરી નાખી છે, જ્યારે આ હુમલામાં વચ્ચે બચાવવા પડેલા નાની પણ ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ, મૂળ વેરાવળનો રહેવાસી વિવેક ગોસ્વામી નામનો યુવક મોડી રાત્રે વિમલનગરમાં આવેલી તેની પત્નીની સાસરી (મોસાળ)ના ઘરે ધસી આવ્યો હતો. ત્યાં તેણે ઉગ્ર બોલાચાલી કરીને પત્નીના નાના પ્રવિણભાઈ શાહ પર છરી વડે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. હુમલો એટલો ભયાનક હતો કે પ્રવિણભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ દરમિયાન પ્રવીણભાઈના પત્ની (પત્નીના નાની) તેમને બચાવવા વચ્ચે પડતાં આરોપીએ તેમના પર પણ હુમલો કર્યો હતો, જેમાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી વિવેક ગોસ્વામી અને તેની પત્ની વચ્ચે છેલ્લા ઘણા સમયથી ભારે અણબનાવ ચાલી રહ્યો હતો, જેના કારણે પત્ની તેનાથી અલગ રહેતી હતી. પત્નીએ વિવેક સાથે પાછા જવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. આ વાતનો ખાર રાખીને આરોપી અવારનવાર પત્ની અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધાક-ધમકીઓ આપતો હતો. આ મામલે અગાઉ ભયના ઓથાર હેઠળ જીવતા પીડિત પરિવાર દ્વારા રાજકોટના યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં રક્ષણ મેળવવા માટે લેખિત અરજી પણ કરવામાં આવી હતી. જોકે, પોલીસ કોઈ નક્કર પગલાં ભરે તે પહેલાં જ નરાધમ પતિએ આ ખૂની ખેલ ખેલી નાખ્યો. ઘટનાની જાણ થતાં જ સ્થાનીક પોલીસ અને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હત્યાની આ વારદાતને અંજામ આપીને ફરાર થઈ ગયેલા આરોપી વિવેક ગોસ્વામીને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે અને જુદી જુદી ટીમો બનાવી તેની સઘન શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## ચકચારી ‘લૂંટેરી દુલ્હન’ ગેંગના ગુનાનો પર્દાફાશ કરવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)લુણાવાડા

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં ફેબ્રુઆરી મહિનામાં બનેલી ચકચારી ‘લૂંટેરી દુલ્હન’ ગેંગના ગુનાનો પર્દાફાશ કરવામાં મહીસાગર SOGને મોટી સફળતા મળી છે. લગ્નની લાલચ આપી, ખોટી લગ્નવિધિ રચીને એક નિર્દોષ યુવક પાસેથી રૂ.૨,૭૦,૦૦૦ પડાવી ફરાર થઈ ગયેલી લૂંટેરી દુલ્હન અને તેની મુખ્ય મહિલા સાગરીત સહિત ૭ લોકોને પોલીસે દબોચી લીધા છે. મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક યુવક સાથે થોડા સમય પહેલાં લગ્નના નામે મોટી છેતરપિંડી થઈ હતી. આ ટોળકીએ યુવકને લગ્નની લાલચ આપીને પહેલાં કન્યા બતાવી હતી અને ત્યારબાદ વિશ્વાસમાં લઈને ખોટી લગ્નવિધિ કરાવી હતી. લગ્ન બાદ આ લૂંટેરી દુલ્હન થોડા દિવસો સુધી યુવક સાથે પત્ની તરીકે રહી પણ હતી. તક મળતા જ તે ઘરમાંથી રોકડ રકમ તેમજ કિંમતી દાગીના મળી કુલ રૂ.૨,૭૦,૦૦૦ની મત્તા સકેલીને રાતોરાત ફરાર થઈ ગઈ હતી. છેતરાયા હોવાનો અહેસાસ થતાં જ પીડિત યુવકે ફેબ્રુઆરી માસમાં લુણાવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. લુણાવાડા પોલીસે ગુનો નોંધીને અલગ-અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

આ દરમિયાન પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે આ કોઈ એક વ્યક્તિનું કામ નથી, પરંતુ આ ગુના પાછળ કુલ સાત આરોપીઓની આખી ગેંગ સક્રિય છે. કેસની ગંભીરતાને જોતાં મહીસાગર SOGની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. SOGને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ કેસના મુખ્ય બે મહિલા આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયેલી મહિલાઓમાં લૂંટેરી દુલ્હન કોકીલાબેન ભીખાભાઈ પરમાર અને ગુનાની મુખ્ય સૂત્રધાર એવી અન્ય એક મહિલા સુરેખાબેન ઉર્ફે રેખાબેન રાજેશભાઈ પ્રેમસિંગ યાદવનો સમાવેશ થાય છે.

### વડોદરા મ્યુ.કોર્પોરેશનને લેબર કોર્ટનો ઝટકો?

# VMCના ડ્રાઈવર મોહમ્મદને ૨૪ વર્ષની કાયદાકીય લડત બાદ મળશે રૂપિયા ૫.૯૨ લાખ: હાઈકોર્ટનો આદેશ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC)ની વ્હીકલ પૂલ શાખામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કર્મચારીને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છૂટા કરવાના મામલે લેબર કોર્ટે કોર્પોરેશનને મોટો ઝટકો આપ્યો છે. સળંગ ૫૧૩ દિવસ અને દર વર્ષે ૨૪૦ દિવસથી વધુ સમય સુધી ફરજ બજાવી હોવા છતાં ડ્રાઈવરને હાંકી કાઢવામાં આવ્યા હતા. લેબર કોર્ટે કોર્પોરેશનના આ નિર્ણયને કાયદાની વિરુધ્ધ ઠેરવીને ભોગ બનનાર કર્મચારીને વળતર પેટે રૂપિયા ૫,૯૨,૪૪૪/- (અંદાજે રૂપિયા ૫.૯૨ લાખ) અને કોર્ટ ખર્ચના રૂપિયા ૧૦,૦૦૦/- આગામી ૩૦ દિવસમાં ચૂકવવાનો ઐતિહાસિક આદેશ કર્યો છે.

અરજદાર મોહમ્મદ રફીક અલ્લારખ્ખા શેખ વર્ષ ૧૯૯૨માં વડોદરા મ્યુ.કોર્પોરેશનમાં હંગામી ડ્રાઈવર તરીકે જોડાયા હતા. જોકે કોર્પોરેશનના શાસકોએ શ્રમ કાયદાનો ભંગ કરીને તેમને કોઈપણ પ્રકારની આગોતરી નોટિસ કે આર્થિક વળતર આપ્યા વગર જ ૧ ઓકટોબર ૨૦૦૨ ના રોજ અચાનક નોકરી પરથી છૂટા કરી દીધા હતા. આ અન્યાય સામે મોહમ્મદ રફીકે લેબર કોર્ટના ધ્વાર ખખડાવ્યા હતા.

આ કેસમાં કાનૂની લડત લાંબી ચાલી હતી. વર્ષ ૨૦૦૯માં દાખલ થયેલા રેફરન્સ કેસમાં લેબર કોર્ટે વર્ષ ૨૦૧૬માં અરજદારને ૨૦% બેકવેજીસ (પાછલા ગાળાના પગાર) સાથે નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો આદેશ કર્યો હતો. કોર્પોરેશને લેબર કોર્ટના આ હુકમને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

પરંતુ હાઈકોર્ટે કોર્પોરેશનની અરજી રદ કરી દીધી હતી. હાઈકોર્ટના આદેશ છતાં તંત્રએ વર્ષ ૨૦૧૮ સુધી અરજદારને ફરજ પર લીધા ન હતા. બાદમાં જ્યારે ફરજ પર લીધા ન હતા. બાદમાં જ્યારે ફરજ પર લીધા ત્યારે પણ કાયમી કર્મચારી તરીકેના કોઈ લાભો આપ્યા ન હતા. આખરે અરજદારે પોતાની બાકી નીકળતી રૂપિયા ૯.૨૧લાખની લેણી રકમ મેળવવા માટે વર્ષ ૨૦૧૭માં રિકવરી અરજી દાખલ કરવી પડી હતી.

લેબર કોર્ટે બંને પક્ષોની દલીલો અને પુરાવાઓ ધ્યાનમાં લઈને કોર્પોરેશનની દલીલોને સદંતર નકારી કાઢી હાઈકોર્ટ ધ્વારા પાલિકાની અપીલ રદ કરાયા છતાં કાયદેસરના નાણાંથી વંચિત રખાતા ઉપર મુજબનો ચુકાદો આપી વળતર આપવાનો આદેશ કરાયો હતો.

# વહુએ સાસુને ટબમાં માથે ઊંચકીને કરાવી વૃંદાવનની ૮૪ કોસની પરિક્રમા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજે જ્યારે સમાજમાં સાસુ-વહુ વચ્ચે અબોલા,અણબનાવ થી લઈ થતા. રોજેરોજના ઝઘડાઓથી તદ્દન વિરોધી કહેવાય એવો કિસ્સો એટલે કે વહુએ બજાવી દીકરીની ફરજ જેવી આ વાત છે એક સાસુ વહુની.

દેશનું જાણીતું પવિત્ર ધામ વૃંદાવન આ વૃંદાવનમાં ૮૪ કોસની પરિક્રમામાં એક મહિલાએ સેવા, સમર્પણ અને શ્રદ્ધાની મિસાલ પૂરી પાડી હતી. તેણે (વહુ)એ પોતાના સાસુની ઈચ્છા પૂરી કરી હતી અને સાસુણે માથે ઊંચકીને ૮૪ કોસની પરિક્રમા કરી હતી.

વૃદ્ધાવસ્થા અને શારીરિક નબળાઈને કારણે સાસુમાં ચાલી શકતા નહોતા. એટલે પગપાળા ૮૪ કોસની યાત્રા કરવાનું સંભવ નહોતું. એમ છતાં તેમના મનમાં ઘણા સમયથી વ્રજની પરિક્રમા કરવાની ઈચ્છા ઊંડે ઊંડે ઘરબાયેલી હતી.

સાસુની આ ઈચ્છાને પૂરી કરવાનો સંકલ્પ તેની વહુએ લીધો હતો. તેણે સાસુને એક ટબમાં બેસાડયા અને એ ટબ જાણે માટલુ ઉઠાવીએ એમ માથા પર ઈંઢોણી મૂકીને પરિક્રમા કરવાનું શરૂ કરી દીધું .આ દ્રશ્ય અનેક શ્રદ્ધાળુઓને ભાવુક કરી દેનારું હતું. જ્યારે લોકોને ખબર પડી કે આ મહિલા સાસુની ઈચ્છા પૂરી કરવા માટે આટલા આકરા તાપમાં તેમને માથે ઊંચકીને વ્રજયાત્રાની કઠિન તપસ્યા કરી રહી છે ત્યારે તેમને વહુ માટે માન થઈ આવ્યું હતું. આને કહેવાય સાસુ-વહુ નો સાચો પ્રેમ જેમાં થાય છે મા-દીકરીનો અહેસાસ??

### સીડીએચઓના ૩૦થી ૩૫ લાખ, ટીએચઓના ૨૦થી ૨૫ લાખ, સ્ટાફ નર્સના ૧૦થી ૧૫ લાખ બોલાયા હોવાની ચર્ચાઓ

# આરોગ્ય વિભાગમાં બદલીઓના ભાવો લાખોમાં બોલાયા: દલાલોનો ફાટી નિકળ્યો રાફડો



પ્રતિનિધિ,ગાંધીનગર

પારદર્શક વહિવટનો દાવો કરતા આરોગ્ય મંત્રીના વિભાગમાં બદલી કરાવનારા દલાલોનો રાફડો ફાટી નિકળતા તંત્રમાં રોષ ભભુકી ઉઠયો છે. શું આ બાબતે મંત્રી અજાણ હશે ખરા ? કે પછી વિભાગના કોઈ અધિકારીની અંદરખાને દલાલો સાથે મીલીભગત તો નથી ને તેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે.

લોકમુખે ચર્ચાયેલ મુજબ સીડીએચઓના ૩૦ થી ૩૫ લાખ, ટીએચઓના ૨૦ થી ૨૫ લાખ અને સ્ટાફ નર્સની બદલીના રૂપીયા ૧૦ થી ૧૫ લાખ બોલાયા હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. જો સીડીએચઓ કે ટીએચઓને કે પછી સ્ટાફ નર્સ ને પસંદગીની જગ્યા પર જવુ હોય તો પસંદગીનો આંકડો આપવો પડતો હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. આરોગ્ય મંત્રી દ્વારા અગાઉ કલાસ-૧ ની બદલી થઈ ગઈ હોવા છતાં કેટલાક દલાલો બદલી માંગનાર લોકો પાસેથી અગાઉ વહિવટ લઈને બેઠા હોવાને કારણે બદલી માંગનાર અને દલાલો વચ્ચે અંદરખાને વિવાદ સર્જાયો હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. આરોગ્ય મંત્રી ભ્રષ્ટ અધિકારીઓને પ્રોત્સાહન આપી રહ્યા હોવાની ફરીયાદો ઉઠી રહી છે. આરોગ્ય કમિશ્નર કચેરીના વહિવટી અધિકારી દ્વારા બજેટ અને ઓડીટ શાખામાં ગેરરીતી થતી હોવાની ફરીયાદો મંત્રી સુધી થઈ હોવા છતાં મંત્રી દ્વારા આજ દીન સુધી અધિકારીઓ વિરૂધ્ધ કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. કમિશ્નર કચેરીના બજેટ-ઓડીટ શાખામાં કર્મચારીઓના હાજરી પત્રક, બાયોમેટ્રીક હાજરી પત્રક માં ચેડા થઈ રહ્યા હોવાની મંત્રીના પીએસ જાણતા હોવા છતાં આંખ આડા કાન કરી જવાબદાર અધિકારીઓ સાથે મીલીભગત કરી જલસા કરી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડયુ છે.

# સરકારના વિકાસ નો દાવો કરતા અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ કહે છે સરકારમાં કામ ન થાય તો હું શું કરૂ ?



પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપ સરકારના વિકાસના દાવો કરતા અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ કહે છે મંત્રીઓ કામ ન કરે તો હું શું કરૂ ? આ એજ જિલ્લા ભાજપ પ્રમુખ છે જેઓએ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની લોકસભાની ટીકીટ માટે દાવેદારી કરી હતી.

હવે પ્રજાએ વિચારવુ જોઈએ કે મોદી સાહેબના નામે મત માંગી જીતાડેલા નેતાઓ અંતે સરકારમાં કામ ન થાય તો હું શું કરૂ ? આ જવાબ જિલ્લા ભાજપ પ્રમુખ ના મોઢે શોભે ખરા ? સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રજા માટે એટલુ તો સારૂ કહેવાય કે આ પ્રમુખ સાહેબને લોકસભાની ટીકીટ ન મળી, નહીતર લોકસભા જીત્યા બાદ અંતે નેતા પાસેથી પ્રજાને એક જ જવાબ મળતો કે સરકારમાં કામો ન થાય તો હું શું કરૂ ?

મળેલી વિગતો અનુસાર અરવલ્લી જિલ્લાના ભિલોડા ના ધારાસભ્ય હાલ માં સરકારમાં મંત્રી મંડળમાં છે. હવે ધારાસભ્યથી વધી ઉચ્ચ હોદ્દા પર બિરાજી ગુજરાત સરકારના મંત્રી બન્યા છે. એટલે સ્વભાવિક છે કે મંત્રી શ્રી પાસે રાજયની પ્રજા કામની આશા રાખીને આવતી હોય છે. પરંતુ અહીયા તો મંત્રીશ્રીનો ચાર મહિનાથી ભલામણ પત્ર અન્ય મંત્રીના કાર્યાલયે ધુળ ખાઈ રહ્યા બાદ અંતે અન્ય મંત્રીએ ભિલોડાના ધારાસભ્ય અને સરકારમાં બેઠેલા મંત્રીશ્રીના ભલામણ પત્રને અવગણી નિર્ણય લેવામાં આવતા આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખને રજુઆત કરવામાં આવતા પ્રમુખશ્રીએ કહ્યુ હતુ કે હું મંત્રીશ્રીને કહુ છું પરંતુ સરકારમાં કામો ન થાય તો હું શું કરૂ ? ભાજપ પ્રમુખ દ્વારા આપેલ જવાબ હાલમાં પાર્ટીમાં ચર્ચાસ્પદ બનવા પામ્યો છે.

# ગીર સોમનાથ જિલ્લાના શું તલાલા ધારાસભ્ય ભગવાન બારડનો ભાજપ થી મોહભંગ થયો? જાહેર મંચ પરથી રાજીનામુ આપવાની તૈયારી બતાવી



પ્રતિનિધિ,ગાંધીનગર

અવાર નવાર વિવાદમાં આવતા તલાલા વિધાનસભા બેઠક પરથી ચુંટાયેલા ધારાસભ્ય ભગવાન બારડના એક નિવેદને તેમનો ભાજપ પરથી મોહભંગ થયો હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. હકીકતમાં ગીર સોમનાથ જિલ્લાના બાદલપરા ગામમાં રાજય સભાના નવનિયુકત સાંસદ માનસિંહ પરમારનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સંબોધન કરતા ભગવાન બારડે પોતાના કામો ન થવા દેવામાં આવતા હોવાનો દાવો કર્યો હતો. ભગવાન બારડે સંબોધન કરતા સમર્થકોને જણાવ્યુ હતુ કે હું મારી રીતે કામ કરવા માટે ટેવાયેલો છું, જો કે મારા તમામ કામ અટકાવી દેવામાં આવી રહ્યા છે. આ લોકો કહેશે તે કામ નહી થાય, મને રાજનીતીમાં સત્તાનો મોહ નથી. અહીં હાજર ૫૦ ટકા લોકો પણ કહેશે તો હું રાજીનામુ આપી દઈશ, ઉલ્લેખનીય છે કે ભગવાન બારડ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના હોદ્દેદારોની ગેરહાજરી જોવા મળી હતી. એટલુ જ નહી જુનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા પણ ગેરહાજર રહ્યા હતા. ૨૦૨૨ માં જ ભગવાન બારડ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા છે. અગાઉ પંચાયતની ચુંટણી વખતે આહીર સમાજની જરૂર નથી તેવુ નિવેદન આપીને ભગવાન બારડ વિવાદમાં સપડાઈ ચુકયા છે. હવે ભગવાન બારડે જાહેર મંચ પરથી નામ લીધા વગર ભાજપ નેતૃત્વ પર આડકતરી રીતે સવાલો ઉઠાવી દીધા છે. જેના કારણે રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા થઈ રહી છે કે શું તેમને ભાજપ થી મોહભંગ થઈ ગયો છે ? તેમના નિવેદનના કારણે ભાજપ બેડા માં પણ સોપો પડી ગયો છે.

# કિસાન અધિકાર ટ્રેકટર યાત્રા અને ગાંધીનગર કુચ કરતા પહેલા જ ખેડુતોની અટકાયત



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં પોતાની પડતર માંગણીઓને લઈને ખેડુતો દ્વારા શરૂ કરવામાં આવેલુ આંદોલન હવે વધુ ઉગ્ર બની રહ્યુ છે. આજે તારીખ ૧૫ જુનના રોજ યોજાનારી કિસાન અધિકાર ટ્રેકટર યાત્રા અંતર્ગત સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના વડોલી વાંક ખાતેથી મોટી સંખ્યામાં ખેડુતો ટ્રેકટરો સાથે આજે શનિવારે ગાંધીનગર જવા માટે નિકળ્યા હતા.

પરંતુ આ કુચ ગાંધીનગર પહોચે તે પહેલા જ ભરૂચ જિલ્લાની અંકલેશ્વર પોલીસે ખેડુતોને અટકાવી દીધા હતા અને ખેડુત સમાજના અગ્રણી હોદ્દેદારોની અટકાયત કરી લીધી હતી. ઘટનાની મળતી વિગતો અનુસાર ખેડુત સંઘર્ષ સમિતિ અને ગુજરાત ખેડુત સમાજના નેજા હેઠળ આ ટ્રેકટર યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. ઓલપાડ થી નિકળેલો ખેડુતોનો આ વિશાળ કાફલો જયારે અંકલેશ્વર હાઈવે નજીક પહોચ્યો ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાના નામે પોલીસે આ રેલીને આગળ વધતી રોકી દીધી હતી.અંકલેશ્વર પોલીસે ખેડુત સંઘર્ષ સમિતિના મુખ્ય હોદ્દેદારો અને ખેડુત સમાજના આગેવાનોને ડીટેઈન કરીને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પોલીસની આ કાર્યવાહીને પગલે ખેડુતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવ્યા બાદ પણ ખેડુત નેતાઓનો ઉત્સાહ ઓછો થયો નથી. પોલીસ સ્ટેશનથી જ ખેડુત આગેવાનોએ રાજયભરના ખેડુતોને એક જુથ થવા અપીલ કરી હતી.

તેમણે આહવાન કર્યુ હતુ કે ભલે પોલીસ ગમે તેટલી અટકાયતો કરે, પરંતુ ૧૫ જુનના રોજ મોટી સંખ્યામાં તમામ ખેડુતો કોઈપણ ભોગે ગાંધીનગર પહોચે, સરકાર દ્વારા આંદોલનને દબાવવાના પ્રયાસો વચ્ચે હવે જોવાનુ એ રહેશે કે આજે તારીખ ૧૫ જુને ગુજરાતભરમાંથી કેટલા ખેડુતો ગાંધીનગર પહોચી શકે છે અને આ યાત્રા શું વળાંક લે છે.

# સુરતના ખેડુતોએ સરકાર સામે બાંયો ચડાવી : ટ્રેકટરો સાથે ખેડુતો પોતાની માંગણીઓને લઈ ગાંધીનગર ગજવશે




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતના ખેડુતો ફરી એકવાર પોતાના હક્ક અને અધિકાર માટે રોડ રસ્તા પર ઉતર્યા છે. લાંબા સમયથી પડતર માંગણીઓ અને વણઉકેલ્યા પ્રશ્નોને લઈને હવે સુરત જિલ્લાના ખેડુતોનો રોષ ફાટી નિકળ્યો છે. પોલીસ દમન, વીજ ટાવરના વળતર અને એમએસપી જેવા સંવેદનશીલ મુદ્દે ખેડુતોએ સરકાર સામે બાંયો ચડાવી છે.

વડોલી સર્કલ થી ખેડુત અધિકાર યાત્રાનો પ્રારંભ થયો હતો. આજે રવિવારે ઓલપાડના વડોલી સર્કલ ખાતે વહેલી સવાર થી જ માહોલ ગરમાયો હતો. સુરત જિલ્લાના ખુણેખુણે થી ખેડુતો પોતાના ટ્રેકટરો અને વાહનો સાથે એકઠા થયા હતા. આશરે ૭૦ જેટલા ટ્રેકટરો અને ૧૨૦ થી વધુ કારના કાફલા સાથે ખેડુતો ગાંધીનગર જવા રવાના થયા હતા. આ યાત્રાને ખેડુત અધિકાર યાત્રા નામ આપવામાં આવ્યુ છે. જે આજે ગાંધીનગર ખાતે યોજાનારા વિશાળ ખેડુત સંમેલનમાં જોડાશે. ખેડુતોમાં સરકાર પ્રત્યે ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. આ આંદોલનમાં ખેતરોમાંથી પસાર થતી હાઈ ટેન્શન વીજ લાઈનો અને ટાવરો સામે ખેડુતોનો સખત વિરોધ છે. ખેડુતોની માંગ છે કે વીજ ટાવર ઉભા કરવા બદલ જમીનનુ યોગ્ય વળતર મળે અને વરસોનુ બાકી ટાવર ભાડુ ચુકવવામાં આવે, અગાઉ થયેલા વિરોધ પ્રદર્શનોમાં ખેડુતો પર થયેલા પોલીસ દમન સામે પણ ભારે નારાજગી છે.

ખેત પેદાશોના ટેકાના ભાવ અને સમયસર ખાતર ન મળવાની સમસ્યાને લઈને ખેડુતો પાયમાલ થઈ રહ્યા હોવાનો સુર વ્યકત કર્યો છે. ટાવર લાઈન રદ કરો, ખેડુત ઝિંદાબાદ અને ખેડુતો પર દમન બંધ કરો, જેવા ગગનભેદી નારાઓ સાથે ઓલપાડ પંથક ગુંજી ઉઠયો હતો.

આજે સોમવારે ગુજરાતભરના ખેડુતો ગાંધીનગર એકઠા થઈ રહ્યા છે. સુરત જિલ્લાના ખેડુતોનુ નેતૃત્વ કરી રહેલા આગેવાનોનુ કહેવુ છે કે જયાં સુધી સરકાર અમારી માંગણીઓ સંતોષવા માટે મક્કમ ખાત્રી નહી આપે ત્યાં સુધી લડત ચાલુ રહેશે. ખેડુતોની આ કુચ ને જોતા વહિવટી તંત્ર અને પોલીસ કાફલો પણ એલર્ટ મોડ પર આવી ગયો છે. હવે જોવાનુ એ રહેશે કે ગાંધીનગર પહોચ્યા બાદ સરકાર ખેડુતો સાથે વાટોઘાટો કરે છે કે પછી આ આંદોલન વધુ ઉગ્ર બને છે.

# પાટણ જિલ્લાના રાધનપુરમાં ધો. ૩ થી ૮ના પુરતા પુસ્તકો ન મળતા વાલીઓ હેરાન પરેશાન




પ્રતિનિધિ,ગાંધીનગર

ઉનાળુ વેકેશન પૂર્ણ થયા બાદ નવુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયુ છે. ત્યારે પાટણ જિલ્લાના રાધનપુર સહિત અન્ય તાલુકાઓમાં આવેલી સ્ટેશનરીની દુકાનોમાં ધોરણ ૩ થી ૮ ના પાઠયપુસ્તકો પુરતા ઉપલબ્ધ નહી હોવાથી વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે. વાલીઓ પાઠય પુસ્તકો ખરીદવા માટે બજારમાં આવે છે. પરંતુ અધુરા પુસ્તકો લઈ જવા પડી રહ્યા છે. પાટણ જિલ્લાના સિધ્ધપુર સહિત રાધનપુર બજારમાં પાઠય પુસ્તકો ખરીદવા આવેલ વિદ્યાર્થીઓના વાલીઓએ જણાવ્યુ હતુ કે હું પ્રાથમિક વિભાગના પાઠય પુસ્તકો ખરીદવા બજારમાં આવ્યો હતો. પરંતુ પાઠય પુસ્તકની તમામ દુકાનોમાં ફરવા છતાં પુરતા પાઠય પુસ્તકો મળ્યા નથી. સ્કુલોમાં શિક્ષકો બાળકોને પાઠય પુસ્તકો લઈને આવવાનુ કહે છે. પરંતુ બજારમાં પાઠય પુસ્તકો ઉપલબ્ધ નથી, ત્યારે અમારે શું કરવુ ? સરકાર તરફથી તાત્કાલીક પાઠય પુસ્તકોની વ્યવસ્થા કરવામાં આવે તેવી વાલી મંડળની માંગ છે. જયારે રાધનપુર પાઠય પુસ્તકની દુકાન ધરાવતા એક દુકાનદારે જણાવ્યુ હતુ કે હાલ ઉનાળુ વેકેશન પૂર્ણ થતાની સાથે જ ૩ થી ૮ ધોરણમાં અભ્યાસ કરતા બાળકો તેમજ તેમના વાલીઓ દુકાન પર પાઠય પુસ્તકની ખરીદી કરવા માટે આવી રહ્યા છે. પરંતુ હાલ પુરતા પાઠય પુસ્તકો ઉપલબ્ધ નહી હોવાથી માત્ર વાલીઓ જ નહી પણ વેપારીઓ પણ પરેશાન છે.

# ગુજરાતમાં ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ગંભીર અછત: ૧૨ હજારથી વધુ જગ્યાઓ શિક્ષકોની ખાલી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા અને વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને ફરી એક વખત ગંભીર ચિંતા વ્યકત થઈ રહી છે. વાસ્તવમાં રાજયની ગ્રાન્ટેડ શાળાઓમાં કાયમી શિક્ષકોની મોટી અછત સર્જાતા હજારો વિદ્યાર્થીઓનુ શિક્ષણ પ્રભાવિત થઈ રહ્યુ છે. શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ સંગઠનો અને શાળા સંચાલકોએ સરકારને તાત્કાલીક ભરતી પ્રક્રિયા શરૂ કરવાની માંગ કરી છે. મળતી માહિતી મુજબ રાજયભરની અંદાજે ૫૪૦૦ ગ્રાન્ટેડ શાળાઓમાં ૧૨ હજાર થી વધુ કાયમી શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે. પરીણામે અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓને પુરતા શિક્ષકો ઉપલબ્ધ નથી. જેના કારણે અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં તેમજ ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. શિક્ષણ વિદોનુ માનવુ છે કે શિક્ષકોની અછતનો સીધો પ્રભાવ વિદ્યાર્થીઓના અભ્યાસ અને તેમના ભવિષ્ય પર પડે છે. ખાસ કરીને ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોની શાળાઓમાં સ્થિતિ વધુ ચિંતાજનક બની રહી છે. ઘણા વિષયોમાં નિષ્ણાંત શિક્ષકો ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન મળી શકતુ નથી.

રાજય સરકાર દ્વારા શિક્ષકોની ઘટ ને પહોચી વળવા માટે આશરે ૫૭૦૦ જ્ઞાન સહાયકોની ભરતીને મંજુરી આપવામાં આવી છે. જો કે શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા સંગઠનોનુ કહેવુ છે કે આ પગલુ પુરતુ નથી. કારણ કે હાલ પણ લગભગ ૭ હજાર થી વધુ શિક્ષકોની અછત યથાવત રહેવાની શકયતા છે. શાળા સંચાલક મંડળો અને આચાર્ય સંઘોનુ કહેવુ છે કે જ્ઞાન સહાયક વ્યવસ્થા એક તાત્કાલીક ઉકેલ હોઈ શકે, પરંતુ કાયમી શિક્ષકોની જગ્યાઓ કાયમી ભરતી દ્વારા જ ભરવી જરૂરી છે. લાંબા ગાળે શિક્ષણ વ્યવસ્થાને મજબુત બનાવવા માટે નિયમિત અને યોગ્ય ભરતી પ્રક્રિયા હાથ ધરવી અનિવાર્ય બની ગઈ છે. શિક્ષણ ક્ષેત્રના આગેવાનોનુ માનવુ છે કે રાજયમાં શિક્ષણની ગુણવત્તા જાળવવા અને વિદ્યાર્થીઓને સમાન તક ઉપલબ્ધ કરાવવા માટે સરકાર દ્વારા તાત્કાલીક નિર્ણય લેવામાં આવવો જોઈએ. જો શિક્ષકોની ખાલી જગ્યાઓ ઝડપથી નહી ભરાય તો આગામી વરસોમાં વિદ્યાર્થીઓના પરીણામો અને શિક્ષણની ગુણવત્તા પર ગંભીર અસર પડી શકે છે.

# અંકલેશ્વર: લાખોના ખર્ચે બનેલી ડ્રેનેજ લાઈન થઈ જામ

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર

ભરૂચના અંકલેશ્વરમાં નગરપાલિકાની કામગીરીને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અંકલેશ્વરના વોર્ડ નંબર ૨ માં આવેલા ઉન્નતિનગરમાં મુખ્ય રોડ પર ગટરના પ્રદૂષિત પાણી ઉભરાવાના કારણે સ્થાનિકોની સ્થિતિ કફોડી બની ગઈ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, માત્ર એક વર્ષ પહેલાં જ લાખો રૂપિયાના ખર્ચે નવી ડ્રેનેજ લાઈન નાખવામાં આવી હતી, જે અત્યારથી જ જામ થઈ જતાં ગટરનું ગંદુ અને દુર્ગંધ મારતું પાણી મુખ્ય માર્ગો પર ફરી વળ્યું છે. આ ગંભીર સમસ્યા અંગે નગરપાલિકામાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. રોષે ભરાયેલા રહીશોએ સ્થાનિક નગરસેવકો સામે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, ચૂંટણી વખતે મોટા-મોટા વાયદાઓ આપીને વોટ માગવા આવનારા નેતાઓ હવે મુશ્કેલીના સમયે ક્યાંય દેખાતા નથી.